આજનો સુવિચાર

પદથી મળતી પ્રતિષ્ઠાનો સમય મર્યાદીત છે, પરંતુ વ્યકિતત્વથી પ્રાપ્ત પ્રતિષ્ઠા આજીવન છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૩૪ જૂનાગઢ તા.૨૪-૫-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 134, Junagadh : Date : 24 May, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# ઓસ્ટ્રેલીયામાં મંદિરો પર હુમલા અસ્વીકાર્ય : ઓસી.નાં વડાપ્રધાન સમક્ષ નરેન્દ્ર મોદીની સ્પષ્ટ વાત



સિડની તા.૨૪
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એંથની અલ્બનીજ સાથેની શિખર મંત્રણામાં બન્ને દેશો વચ્ચે બિનપરંપરાગત ઉર્જા, વ્યાપાર તથા સંરક્ષણ ક્ષેત્રે બન્ને દેશોના સંબંધોને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ દોહરાવતા જણાવ્યું હતું કે, ભારત અને ઓસ્ટ્રેલિયાના સંબંધો હવે ટી૨૦માં પ્રવેશી ગયા છે અને મોદીએ આકરા શબ્દોમાં જણાવ્યું કે બન્ને દેશોના આ ગાઢ બનતા જતા સંબંધોમાં કોઈ તત્વ કે સંગઠન તમો વિચારો કે તેમના કૃત્યથી વિધ્ન સર્જવા કોશીશ કરશે તો તે સ્વીકાર્ય રહેશે નહી.

આજે ભારત આવવા રવાના થતા પુર્વે ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન સાથેની સંયુક્ત પત્રકાર પરિષદમાં મોદીએ હાલમાંજ ઓસ્ટ્રેલીયામાં ભારતીય મંદિરો તથા ધર્મસ્થાનો ઉપર વધેલા હુમલાનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે મંદિરો ઉપરના હુમલા સ્વીકાર્ય નથી અને ઓસી વડાપ્રધાને મને ખાતરી આપી છે કે ભવિષ્યમાં આ પ્રકારના હુમલા કરનાર સામે આકરી કાર્યવાહી કરવામાંઆવશે. મોદીએ હાલમાંજ ઓસીમાં સ્વામિનારાયણ મંદિર, લક્ષ્મીનારાયણ મંદિર અને શિવમંદિર ઉપર ખાલીસ્તાની તત્વો દ્વારા હુમલા તથા તોડફોડ અને મંદિરોની દિવાલો ઉપર ધર્મવિરોધી સૂત્રો લખવા વિગેરે થઈ રહેલી પ્રવૃતિનો ઉલ્લેખ કર્યો હતો. મોદીએ કહ્યું કે મે અલ્બનીઝ સાથે આ મુદે વિસ્તૃત રીતે વાતચીત કરી હતી અને તેઓએ પણ તેમાં આકરા પગલાની ખાતરી આપીહતી તથા જણાવ્યુંહતું કે ઓસ્ટ્રેલિયા પણ આ પ્રકારના હુમલાને સ્વીકારી શકે નહી. ઓસ્ટ્રેલિયન વડાપ્રધાને જણાવ્યું કે વડાપ્રધાન મોદીના આ પ્રવાસથી બન્ને દેશો વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનશે. આ અગાઉ ગઈકાલે વડાપ્રધાને સીડનીમાં ઓલીમ્પીક પાર્ક ખાતે અહી વસતા હજારો ભારતીયોનું અભિવાદન ઝીલ્યું હતું. જેમાં ઓસી. વડાપ્રધાન હાજર હતા. મોદીનો આ ઓસી પ્રવાસ ખૂબ જ સફળ રહ્યો છે તથા ગાર્ડ ઓફ ઓનર પણ આપવામાં આવ્યું હતું. આ દરમ્યાન ઓસ્ટ્રેલીયામાં પીએમ અલ્બેનિસે આશ્વાસન આપ્યું કે મંદિરો ઉપર હુમલા મામલામાં કડક કાર્યવાહી કરવામાં આવશે. મોદીએ કહ્યું- છેલ્લા એક વર્ષમાં અલ્બેનીઝ સાથે આ મારી છઠ્ઠી મુલાકાતછે. આનાથી સાબિત થાય છે કે ભારત-ઓસ્ટ્રેલિયાના સંબંધો કેટલા ઊંડા છે. ક્રિકેટની ભાષામાં વાત કરીએ તો બંને દેશો વચ્ચેના સંબંધો G-૨૦ મોડમાં આવી ગયા છે. પ્રેસ બ્રીફિંગ બાદ પીએમ મોદીએ ઓસ્ટ્રેલિયાના ગવર્નર જનરલ ડેવિડ હર્લી સાથે પણ મુલાકાત કરી હતી. પીએમ મોદીએ અલ્બેનીઝ અને ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ચાહકોને આ વર્ષના વર્લ્ડ કપ માટે ભારત આવવા આમંત્રણ આપ્યું હતું. તેમણે કહ્યું- વર્લ્ડ કપની સાથે ભારતમાં દિવાળીનો તહેવાર પણ ઉજવવામાં આવશે. પીએમ અલ્બેનીઝ આ સમયગાળા દરમ્યાન ભારતની મુલાકાત લે. પ્રેસ બ્રીફિંગમાં, પીએમ અલ્બેનિસે જણાવ્યું હતું કે, ઓસ્ટ્રેલિયા બિઝનેસ અને ટેક્નોલોજી શેરિંગના સંદર્ભમાં બંને દેશોને મદદ કરવા માટે બેંગલુરૂમાં વાણિજ્ય દૂતાવાસ ખોલશે. આ પહેલાં બંને નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય બેઠકમાં ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ ઉપર ચર્ચા થઈ હતી. જેમાં જી-૨૦, વેપાર અને સંરક્ષણ ક્ષેત્ર સાથે સૈન્ય સહયોગ વધારવાની વાત થઈ હતી.

# વડાપ્રધાન પદ માટે નરેન્દ્ર મોદી સૌથી લોકપ્રિય નેતા : રાહુલ ગાંધી બીજા ક્રમે



નવી દિલ્હી તા. ૨૪
કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં થયેલી હાર બાદ ભારતીય જનતા પાર્ટી માટે સારા સમાચાર છે. તાજેતરના એક સર્વેમાં ખુલાસો થયો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશના સૌથી લોકપ્રિય નેતા છે. સર્વેના આંકડા દર્શાવે છે કે ૪૩ ટકા જનતા પીએમપદ માટે મોદીને પ્રથમ પસંદ ગણાવી રહી છે. આ રેસમાં વિપક્ષી એકતાની કવાયતમાં લાગેલા બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારને સર્વેમાં સામેલ માત્ર ૧ ટકા લોકો જ પસંદ કરી રહ્યા છે. લોકનીતિ-સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ડેવલપિંગ સોસાયટીઝ (સીએસડીએસ) અને એનડીટીવી દ્વારા કરવામાં આવેલા સર્વે અનુસાર, ૪૩ ટકા લોકોએ કહ્યું કે નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ) ત્રીજી વખત ચૂંટાઈ આવવી જોઈએ. જયારે ૩૮ ટકા લોકો તેની વિરૂદ્ધ છે.

જો આજે ચૂંટણી થાય તો ૪૦% ઉત્તરદાતાઓ ભાજપને મતઆપવા તૈયાર છે. જયારે કોંગ્રેસના કિસ્સામાં આ આંકડો ૨૯ ટકા છે. ૧૦ થી ૧૯ મે વચ્ચે ૧૯ રાજયોમાં કરવામાં આવેલા સર્વે અનુસાર ૪૩ ટકા લોકોનું કહેવું છે કે પીએમ પદ માટે મોદી પહેલી પસંદ છે. જયારે ૨૭ ટકા લોકો પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીની તરફેણમાં જોવા મળ્યા હતા.

ખાસ વાત એ છે કે આ રેસમાં પમિ બંગાળના સીએમ મમતા બેનર્જી અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ ૪ ટકા સાથે ત્રીજાસ્થાને છે સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવને ૩ ટકા લોકોએ પસંદ કર્યો છે.

જયારે સીએમ નીતિશ કુમારના કિસ્સામાં આ આંકડો માત્ર ૧ ટકા હતો. સર્વે અનુસાર ૩૪ ટકા લોકોનું માનવું છે કે રાહુલ ગાંધી પીએમ મોદીને પડકાર આપી શકે છે. આ કેસમાં અરવિંદ કેજરીવાલ (૧૧ ટકા), અખિલેશ યાદવ (૫ ટકા) અને મમતા બેનર્જી (૪ટકા)ને પસંદ કરવામાં આવ્યા હતા. ખાસ વાત એ છે કે સર્વેનો હિસ્સો બનેલા ૯ ટકા લોકો માને છે કે પીએમ મોદીને કોઈ પડકારી શકે તેમ નથી. ૨૬ ટકા ઉત્તરદાતાઓએ હંમેશા રાહુલને તેમની પસંદગી હોવાનું જણાવ્યું. જયારે ૧૫ ટકા લોકોનું કહેવું છે કે તેઓ 'ભારત જોડો યાત્રા' પછી કોંગ્રેસના નેતાને પસંદ કરવા લાગ્યા છે. તેમાંથી ૧૬ ટકા એવા હતા જેમને રાહુલ ગાંધી પસંદ નહોતા.

# ૨૮ મેનાં દેશનાં નવા સંસદ ભવનનું વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉદઘાટન કરશે : ૯ વિપક્ષો દ્વારા બહિષ્કારનું એલાન



## ગૃહ મંત્રી અમીત શાહે પ્રેસ કોન્ફરન્સ યોજી માહિતી આપી તામીલનાડુથી ખાસ લાવવામાં આવેલ તેમજ ચોલા સામ્રાજયનાં પ્રતિક સેંગોલને સંસદ ભવનામાં પ્રસ્થાપિત કરાશે : સંસદ ભવનનું નિર્માણ કરનાર ૬૦ હજાર શ્રમયોગીઓનું પણ વડાપ્રધાન સન્માન કરશે

નવી દિલ્હી તા. ૨૪
આગામી તા. ૨૮ મેનાં રોજ નવી દિલ્હીખાતે નિર્માણ પામેલા અતિ આધુનિક સંસદ ભવનનું ઉદઘાટન કરવામાં આવશે. લોકસભાનાં સ્પીકર ઓમ બિરલાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ઉદઘાટન કરવા માટે આમંત્રણ પાઠવી દીધું છે. જેની સામે સંયુકત વિપક્ષોએ મોર્ચો ખોલ્યો છે. વિપક્ષોએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનાં હસ્તે ઉદઘાટન કરવાની માંગ મુકી છે. વિપક્ષોનું કહેવું છે કે દેશનાં રાષ્ટ્રપતિ જ સંસદનાં બંધારણીય વડા છે. તેથી તેમનાં દ્વારા જ નવા સંસદ ભવનનું ઉદઘાટન થવું જોઈએ. પરંતુ તેમ નહી કરવામાં આવતાં સંયુક્ત વિપક્ષોએ સંસદ ભવનનાં ઉદઘાટન સમારોહોનાં બહિષ્કારનું એલાન કર્યુંછે. જે ૯ વિપક્ષોએ બહિષ્કારનું એલાન કર્યુ છે તેમાં કોંગ્રેસ, ટીએમસી, સીપીઆઈ, સીપીએમ, આરજેડી, આમ આદમી પાર્ટી, શિવસેના (ઉધ્ધવ જુથ) વગેરે પક્ષોનો સમાવેશ થાય છે. વિપક્ષોએ કહયુંછે કે, નવા સંસદ ભવનનું ઉદઘાટન રાષ્ટ્રપતિ દ્વારા નહી કરાવવાની બાબત દેશનાં પ્રથમ નાગરીકનું અપમાન છે. જયારે સીપીઆઈ પક્ષે એવી પ્રતિક્રિયા આપી છે કે કાર્યક્રમને ભાજપે મોદી ઈવેન્ટ બનાવ્યું છે. આરજેડીએ પણ આ મામલે સરકાર ઉપર પ્રહાર કર્યા છે.

બીજી તરફ આજે નવા સંસદ ભવનાનાં ઉદઘાટન મામલે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેમણે કહયું કે નવું સંસદ ભવન વડાપ્રધાન મોદીની દુરદર્શીતાનું પરીણામ છે. રેકોર્ડ સમયમાં નવા ભવનનું નિર્માણ થયું છે. તા. ૨૮નાં મેનાં રોજ વડાપ્રધાન મોદી નવા સંસદ ભવનનું ઉદઘાટન કરશે. અમીત શાહે વધુમાં કહયું કે નવા સંસદ ભવનમાં તામીલનાડુથી ખાસ લાવવામાં આવેલ સેંગોલ પ્રસ્થાપિત કરવામાં આવેલ. સેંગોલનું ભારતનાં ઐતિહાસમાં એક વિશેષ મહત્વ રહયું છે તેમ તેમણે જણાવ્યું હતું. નવા સંસદ ભવનમાં સ્પીકરનાં આસન પાસે સેંગોલ પ્રસ્થાપિત કરવામાં આવશે. જે ૭મી ૮મી સદીમાં ભારતમાં સત્તારૂઢ રહેલ ચોલા સામ્રાજયની સત્તાનું પ્રતિક છે. ૧૪ ઓગસ્ટ ૧૯૪૭નાં રોજ સેંગોલને તામીલનાડુથી સંસદ ભવન લાવવામાં આવ્યું હતું. હાલમાં આ સેંગોલ વિષે લોકો કાંઈ જાણતા નથી. તેને મ્યુઝીમમાં રાખવું પણ ઉચિત નથી તેમ અમીત શાહે જણાવ્યું હતુ તેમણે વધુમાં કહયું કે નિર્માણ કાર્ય કરનાર ૬૦ હજાર શ્રમયોગીઓનું પણ વડાપ્રધાન મોદી સન્માન કરશે.

# વર્તમાન સદીનાં અંત સુધીમાં ભારતમાં ૬૦ કરોડ લોકો ઉપર ભીષણ ગરમીનો ખતરો

નવી દિલ્હી તા.૨૪
ભારતમાં ગરમીનો પારો સતત ઉંચો રહ્યો છે અને હાલમાં તે કયારે નીચે આવશે તેની કોઈ આગાહી શકય થઈ નથી જયારે જૂન માસમાં પણ આ પ્રકારે ગરમી સહન કરવી પડશે. ભારતના અલગ અલગ શહેરોમાં તાપમાન ખતરનાક સ્તરે જ નહી બેહદ ખતરનાક સ્તરે પહોંચ્યું હતું અને આગામી દિવસોમાં તે ફરી વધશે. વર્લ્ડ વેધર ડીસ્ટ્રીબ્યુશન ગ્રુપ દ્વારા આ એલર્ટ જાહેરકરવામાંઆવ્યું છે. આ રીપોર્ટ મુજબ ૪૧ ડીગ્રી કે તેથી વધારાનું તાપમાન ખતરનાક ગણવામાં આવે છે પણ ભારત સહિત દક્ષિણ એશિયાના અનેક શહેરો અને ગ્રામીણ ક્ષેત્રમાં તે આ ૪૧ ડીગ્રીના સ્તરને પાછળ રાખીને પણ પારો તેનાથી વધુ ઉંચો ગયો છે અને જેમ જેમ તાપમાન વધે તેમ તેમ માનવ શરીર તેમાંઅંદરનું તાપમાન જાળવી રાખવામાં મુશ્કેલી અનુભવે છે. દક્ષિણ પુર્વ એશિયામાં ગરમી અને ભેજથી બહાર આવી આ રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે અને ગ્લોબલ વોર્મિંગ તેની એક અસર દેખાડી રહ્યું છે. આ રીપોર્ટમાં કહેવાયું છે કે ૧૯૦૦ની સાલ બાદ ધરતીનું તાપમાન ૧.૨ ડીગ્રી સેલ્સીયસ વધ્યુ છે અને આ તાપમાન વધવાની આ પેટર્ન ચાલુ જ રહેનાર છે. તેથી ભારતમાં ચાલુ સદીનાં અંત સુધીમાં ૬૦ કરોડ લોકો ઉપર ભીષણ ગરમીનો ખતારો સર્જાશે.

## દિલ્હી-મુંબઈ એકસપ્રેસ-વેનું કામ પૂર્ણતાનાં આરે

# માત્ર ૧૦ કલાકમાં દિલ્હીથી ગુજરાત પહોંચી શકાશે

નવી દિલ્હી, તા.૨૪
દિલ્હી-મુંબઈ એકસપ્રેસ વે થી ગુજરાતની યાત્રા ઘણી સરળ બની જશે. રિપોર્ટ અનુસાર ચાલુ વર્ષે ડિસેમ્બરથી દિલ્હી-વડોદરા સેકશન હાઈ સ્પીડ યાત્રા માટે ખોલવામાં આવશે. હાલ ગુજરાત પહોંચવામાં ૧૮ કલાક લાગે છે. એકસપ્રેસ-વે બન્યા બાદ માત્ર ૧૦ કલાકમાં જ અહીં પહોંચી શકાશે. મુંબઈ કે પછી દિલ્હીથી ગુજરાત જનારાઓ માટે નિશ્ચિત રીતે આ એક સારી ખબર છે. યાદ રહે આ સેકશન હાલના માર્ગની તુલનામાં રોડથી ગોવાની યાત્રાને પણ સરળ કરી દેશે. દિલ્હી-મુંબઈ એકસપ્રેસ વે ને ટુંક સમયમાં કનેકટીવીટી મળનાર છે. એક એવા લિંકએકસપ્રેસ વેનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે જે દિલ્હી, ગાઝીયાબાદ, નોઈડા અને ફરીદાબાદને ડીએમડી ફલાઈઓવર અને દિલ્હી-મુંબઈ એકસપ્રેસ વે સાથે જોડશે. તે તૈયાર થઈ ગયા બાદ દૌસા અને જયપુરથી આવતા જનારાઓને ગુડગાંવના માર્ગે જવાની જરૂર નહીં રહે. જો દાહોદ સેકશન છોડી દઈ તો પણ દિલ્હી-વડોદરા ખંડ આ વર્ષે ડિસેમ્બરમાં બનીને તૈયાર થઈ શકે છે. દિલ્હી-વડોદરા સેકશન ફરીદાબાદ, વલ્લભગઢ, સોહના, નુંહ, પલવલ, અલવર, ભરતપુર, દૌસા, સવાઈ માધોપુર, ટોંક, બુંદી, કોટા, મંદસોર, રતલામ, ઝાબુઆ, દાહોદ, લિમખેડા, પંચમહાલ અને વડોદરા થઈને પસાર થઈ રહયો છે.

:: જાહેર નિવિદા ::

### શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - ભેંસાણ

આથી બજાર સમિતિ ભેંસાણ દ્વારા ભેંસાણ તાલુકાનાં તથા તાલુકા બહારનાં તમામ લોકોને જાણ કરવામાં આવે છે કે, બજાર સમિતિનાં પ્રાઈમ લોકેશન ઉપર લોકોને પરવડે તેવા નજીવા ભાવે હપ્તા સિસ્ટમથી દુકાનોની હરરાજી કરવાની છે. જેમાં નવા બની રહેલ શોપીંગ સેન્ટરની ૧૬ દુકાનો (ગ્રાઉન્ડ ફલોર ૦૮, તથા ફર્સ્ટ ફલોર ૦૮, કુલ ૧૬ દુકાનો)ની હરરાજી તા. ૨૫-૦૫-૨૦૨૩ના રોજ રાખવામાં આવેલ છે. જે માટે દુકાનોની રૂબરૂ વિઝીટ કરવી અને અપસેટ કિંમત, શરતો તથા અન્ય માહિતી માટે બજાર સમિતિની ઓફિસનો સંપર્ક કરવો.

હરરાજીની તારીખ : ૨૫-૦૫-૨૦૨૩
હરરાજીનો સમય : સવારે ૯.૩૦ કલાકે
હરરાજીનું સ્થળ : માર્કેટીંગ યાર્ડ, ભેંસાણ

સંપર્ક નંબર
એસ.પી. કુબાવત - સેક્રેટરી : ૯૯૦૪૦ ૩૪૦૮૦
નટુભાઈ રાજાભાઈ પોંકિયા - ચેરમેન : ૯૪૨૭૨ ૨૯૪૦૯
રામજીભાઈ ડી. ભેંસાણીયા - વાઈસ ચેરમેન
૯૪૨૭૨ ૪૨૦૪૫
શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - ભેંસાણ




# દુકાન વેચવાની છે

જૂનાગઢનાં ભરચક વિસ્તાર પંચહાટડી ચોકમાં જે.ડી. ચેમ્બર પહેલા માળે બે દુકાન નં. ૭ અને ૮ કુલ ૨૦૨ ફુટ વેચાણથી આપવાની છે. તદ્દન વ્યાજબી ભાવમાં

સંપર્ક : ૯૯૨૫૭ ૫૫૦૦૮

ગુજરાત આયુર્વેદીક કું. દ્વારા

જુના અને હઠીલા રોગોનું 100% શુધ્ધ આયુર્વેદીક ઉપચાર

ડો. કેયુર પટેલ (N.D. Ayurved)

ચામડીના રોગો :- ધાધર, ખરજવું, સોરાયસિસ, ખીલ, ખોડો, ખરતા વાળ,
વા-દુખાવો : સાઈટીકા, સ્નાયુનો દુખાવો, સાંધાનો દુખાવો, માથાનો દુખાવો,
ગુપ્ત રોગો : શીઘ્રપતન, સ્વપ્નદોષ, શુક્રાણુઓની કમી, ઢીલાપન, ધાતુરોગ

(૧) ૧ થી ૧૦ વર્ષના બાળકોના શરદી, ઉધરસ અને તાવની સંપૂર્ણ ટ્રીટમેન્ટ
(૨) કોઈપણ રોગના ફ્રી સલાહ માટે મુલાકાત કરી શકો છો.

પારાના પ્રોબ્લેમ, પેટનો દુખાવો, ગેસનો સચોટ ઉપચાર

હરસ, ફીસર, ભગંદર નો સચોટ ઉપચાર

ગુજરાત આયુર્વેદીક એન્ડ જનરલ સ્ટોર
મો.૯૫૮૯૨ ૫૦૮૯૮
શોપ નં.૧ ક્રિસ્ટલ કોમપ્લેક્ષ, ચિતાખાના ચોક, જુનાગઢ.




# ૐ નેચર કયોર સેન્ટર

ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

C M Y K

### ગુજરાતમાં ૬૦૦૦ પદો ઉપર થશે બમ્પર ભરતી

# મહેસૂલ વિભાગ અંતર્ગત ક્લાર્ક, હેડ ક્લાર્ક, જુનિયર ક્લાર્કની ખાલી જગ્યાઓ ભરાશે

## આ માટે સપ્ટેમ્બર મહિનામાં પ્રિલિમનરી પરીક્ષા લેવાઈ શકે છે, સૌથી ખાસ વાત એ છે કે આ પરીક્ષા નવી પરીક્ષા પદ્ધતિ મુજબ લેવાશે

ગાંધીનગર, તા.૨૪

સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો માટે સારા સમાચાર સામે આવ્યા છે. ગુજરાતમાં ટૂંક સમયમાં ૫૦૦ કે ૧૦૦૦ નહીં પરંતુ ૬૦૦૦ પદો પર બમ્પર ભરતી કરવામાં આવશે. હેડ ક્લાર્ક, જુનિયર ક્લાર્કની ભરતીને લઈને ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ હસમુખ પટેલે મહત્વની માહિતી આપી છે. તેમણે જણાવ્યું છે કે, ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા હેડ ક્લાર્ક અને જુનિયર ક્લાર્ક ભરતી કરવામાં આવશે.

હસમુખ પટેલે જણાવ્યું છે કે, મહેસૂલ વિભાગ અંતર્ગત ક્લાર્ક, હેડ ક્લાર્ક, જુનિયર ક્લાર્કની ખાલી જગ્યાઓ ભરાશે. આ માટે સપ્ટેમ્બર મહિનામાં પ્રિલિમનરી પરીક્ષા લેવાઈ શકે છે. સૌથી ખાસ વાત એ છે કે આ પરીક્ષા નવી પરીક્ષા પદ્ધતિ મુજબ લેવાશે. તેમણે જણાવ્યું કે, ૧૮ મેએ રાજ્ય સરકારે પરીક્ષાને લઈ નવા નિયમો અમલી બનાવ્યા છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ જે ક્લાસ ૩ માટે પરીક્ષા લે છે, એમાં ગ્રુપ બનાવવામાં આવ્યા છે ગ્રુપ છ અને ગ્રુપ B. આ પ્રમાણે ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે. ગ્રુપ Aમાં ઓફિસ આસિસ્ટન્ટ, કલેક્ટર ઓફિસના ક્લાર્ક, હેડ ક્લાર્ક અને સિનિયર ક્લાર્કનો સમાવેશ થાય છે. જ્યારે ગ્રુપ Bમાં ખાતાના વડાની કચેરીના જુનિયર ક્લાર્કનો સમાવેશ છે. સીધી ભરતીની પરીક્ષા ૨ તબક્કામાં લેવાશે. પ્રિલિમ પરીક્ષા બંને ગ્રુપ માટે કોમન જ હશે. MCQ આધારિત ૧૦૦ ગુણનું પેપર રહેશે. પ્રિલિમના પરિણામ બાદ એ અને બી ગ્રુપની મુખ્ય પરીક્ષા લેવાશે.

મેઈન એક્ઝામ માટે ઉમેદવારને એ, બી અથવા બંને ગ્રુપની પસંદગી કરવાની તક આપવામાં આવશે અને ફરીથી ફોર્મ ભરાવવામાં આવશે. ગ્રુપ Bની મેઈન પરીક્ષા MCQ આધારિત હશે. આ પેપર ૨૦૦ માર્ક્સનું હશે તેને ૧૨૦ મિનિટમાં પૂર્ણ કરવાનું રહેશે. ગ્રુપ A માટે વર્ણાત્મક ત્રણ પેપર આપવાના રહેશે. ગુજરાતીનું ૧૦૦ માર્ક્સ, અંગ્રેજી ૧૦૦ માર્ક અને જનરલ સ્ટડી ૧૫૦ માર્ક્સનું રહેશે. આ પસંદગી યાદી બન્યા બાદ ગ્રુપ છ અને B માટે ઉમેદવારનો નિમણૂક માટેના ભલામણ પત્રો આપવામાં આવશે. સૌથી મહત્વની વાત એ છે કે, આમાં વેઈટિંગ લિસ્ટ બનાવવામાં આવશે નહીં અને આ વખતે દરેક કેટેગરીના ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની છે.

પરીક્ષામાં જે ઉમેદવાર હાજર રહેનારા ઉમેદવારોને પરીક્ષા ફી રિફન્ડ આપવામાં આવશે.

# ગુજરાત ફૂટબોલ એસોસિયેશન દ્વારા સતત ત્રીજા વર્ષે ફૂટબોલ ક્લબ ચેમ્પિયનશીપનું આયોજન




દ્વારકા તા.૨૪

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન(જી.એસ.એફ.એ.) સતત ત્રીજા વર્ષે ગુજરાત રાજ્ય ફૂટસાલ કબલ ચેમ્પિયનશીપ-૨૦૨૩નું આયોજન થયું છે. વડોદરામાં આજ તા.૨૪ મે ૨૦૨૩થી ૩૧ મે ૨૦૨૩ સુધી યોજાનારી આ ચેમ્પિયનશીપમાં સ્પોર્ટ્સઈન્ડોર હોલમાં વુડન કોર્ટ ઉપર રમાશે. આજે સવારે ૯ વાગે ઉદ્‌ઘાટન મેચ સાથે આ ચેમ્પિયનશીપનો પ્રારંભ થયો હતો. "આ ચેમ્પિયનશિપમાં ગુજરાતની પ્રતિષ્ઠિત ટીમો ભાગ લેશે, એમાં ભાઈઓના વિભાગમાં નવ ટીમ રહેશે, જ્યારે બહેનોના વિભાગમાં ચાર ટીમ ભાગ લેશે. આ ચેમ્પિયનશિપની ફાઈનલ મે ૩૧, ૨૦૨૩ના રોજ રમાશે. ગુજરાત સ્ટેટ ફૂટસાલ ક્લબ ચેમ્પિયનશિપમાં જીતનાર ટીમ ઓલ ઈન્ડિયા ફુટસાલ ક્લબ ચેમ્પિયનશિપ માટે ક્વોલીફાઈ થશે," એમ ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશનના પ્રમુખ પરિમલ નથવાણીએ જણાવ્યું હતું. ફૂટબોલનું આ નવતર સ્વરૂપ પ્રચલિત અને પ્રચારિત કરવાની પહેલ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. ફૂટસાલ ઉત્સાહજનક અને ઝડપી ઈન્ડોર રમત છે, જે સમગ્ર વિશ્વમાં રમાતી અને ફીફા દ્વારા માન્યતા પ્રાપ્ત રમત છે. આ રમતમાં બંન્ને ટોમોમાં પાંચ-પાંચ ખેલાડીઓ હોય છે અને તે ટચલાઈન સાથેની સમતળ સપાટી ઉપર ઓછો ઉછાળ ધરાવતા ફૂટસાલ બોલથી રમવામાં આવે છે. કૌશલ્ય વર્ધન માટેની આ એક ઉમદા રમત છે કેમ કે તેમાં ત્વરીત નિર્ણય અને પ્રતિભાવ, સર્જનાત્મક ડ્રિબલિંગ અને બોલને સચોટ રીતે પાસ કરવાનો સમાવેશ થાય છે. જી.એસ.એફ.એ.ની યાદીમાં આ પ્રકારના ઘણા પ્રસંગો ભવિષ્યમાં આવવાના છે, જેમાં છોકરા-છોકરીઓ માટે બેબી લીગ, સબજૂનિયર, જૂનિયર અને સીનિયર લીગ વિગેરે સામેલ છે.

# રાજકોટ જિલ્લામાં ૨૦૭૧ દિવ્યાંગોનો ફ્રી ટ્રાવેલ એસ.ટી. બસ પાસ મંજૂર, યોજનાની શરૂઆતથી અત્યાર સુધીમાં ૨૩૯૩૧ દિવ્યાંગોએ લીધો છે લાભ

રાજકોટ તા.૨૪

રાજય સરકાર દ્વારા દિવ્યાંગોના કલ્યાણ માટે અમલી બનાવાયેલી વિવિધ યોજનાઓનું અમલીકરણ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા કરવામાં આવે છે. રાજકોટ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી પ્રાર્થના શેરસીયાના જણાવ્યા અનુસાર, રાજકોટ જિલ્લામાં તા.૧-૪-૨૨ થી તા.૨-૨-૨૩ સુધી આવેલ અરજીઓમાંથી ૨૦૭૧ દિવ્યાંગોની ફ્રી ટ્રાવેલ એસ.ટી. બસ પાસ અંગેની અરજીઓ મંજૂર કરાઈ હતી. આ યોજનાની શરૂઆતથી અત્યાર સુધીમાં આવેલ કુલ અરજીઓ ૨૩૯૩૧ છે. ૨૧ પ્રકારની ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી દિવ્યાંગ વ્યકિતઓ એસ.ટી.માં વિના મૂલ્યે મુસાફરી કરવાની યોજનાનો લાભ મેળવી શકે છે. ગુજરાત રાજયમાં કાયમી વસવાટ કરતા દિવ્યાંગોને આવકની કોઈ પણ મર્યાદા ધ્યાને લીધા વગર આ યોજનાનો લાભ મળી શકે છે. આ યોજનાનો લાભ મેળવવા માગતા દિવ્યાંગોએ સરકારી તબીબનું દિવ્યાંગતાની ટકાવારી દર્શાવતું પ્રમાણપત્ર, આધારકાર્ડની પ્રમાણિત નકલ, સ્ટેમ્પ સાઈઝનો ૧ (એક) ફોટો, રેશનકાર્ડની ઝેરોક્ષ નકલ, ગુજરાત રાજયના કાયમી વસવાટના પુરાવા, બ્લડગ્રુપનો દાખલો, વગેરે દસ્તાવેજો સાથેની અરજી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીને રજુ કરવાનું રહેશે. દિવ્યાંગ વ્યકિત સાથેનાં સહાયકને નિયમ મુજબ દિવ્યાંગતાની ટકાવારી મુજબ ટિકીટમાં રાહત મળવાપાત્ર થશે. દિવ્યાંગનું ઓળખકાર્ડ ખોવાઈ જાય તો આ અંગેની અરજી કરવાથી નવું ઓળખકાર્ડ મળી રહેશે, ૨૬ કરવા પાત્ર ઓળખકાર્ડ કચેરીમાં જમા કરાવવાથી ડુપ્લીકેટ કાર્ડ કાઢી આપવામાં આવે છે. ખોવાઈ ગયેલ પાસ માટે પોલીસ ફરીયાદની નકલ અથવા સોગંદનામું રજૂ કરવાનું રહેશે. એસ.ટી.માં વિના મૂલ્યે મુસાફરી કરવાની યોજનાનો લાભ મેળવવા માગતા દિવ્યાંગો પોતાની જાતે પણ ઓનલાઈન અરજી samajkalyan.gujarat.gov.in ઉપર કરી શકશે.

### સરકારી કર્મચારીઓ માટે ખુશખબર

# ગુજરાત સરકારે મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો

## સરકારના અન્ય કર્મચારીઓ અને પેન્શનર્સ મળી અંદાજે કુલ ૯.૩૮ લાખ લોકોને મોંઘવારી ભથ્થાનો આ વધારાનો લાભ મળશે

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત સરકારના કર્મચારીઓના અને પેન્શનર્સના મોંઘવારી ભથ્થામાં કેન્દ્ર સરકારના ધોરણે ચાર ટકાનો વધારો તારીખ ૦૧-૦૭-૨૦૨૨ની અસરથી તેમજ બીજા ચાર ટકાનો વધારો તારીખ ૦૧-૦૧-૨૦૨૩ની અસરથી આપવાનો કર્મયોગી-હિતકારી નિર્ણય રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યો છે.

આ વધારાનો લાભ જે કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ અપાયેલો છે, તેમને જ મળવાપાત્ર થશે, તેવું પણ નિયત કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા રાજ્ય સરકારના અન્ય કર્મચારીઓ અને પેન્શનર્સ મળી અંદાજે કુલ ૯.૩૮ લાખ લોકોને મોંઘવારી ભથ્થાનો આ વધારાનો લાભ મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તા-૦૧-૦૭-૨૦૨૨ તથા તા.૦૧-૦૧-૨૦૨૩ની અસરથી આપવાના થતા મોંઘવારી ભથ્થામાં આ આઠ ટકા વધારાથી જે એરિયર્સની રકમ આપવાની થાય છે, તે ત્રણ હપ્તામાં આપવાનો નિર્ણય કર્યો છે. તદઅનુસાર, તફાવતની રકમનો પ્રથમ હપ્તો જૂન-૨૦૨૩ના પગાર સાથે, બીજો હપ્તો ઓગસ્ટ-૨૦૨૩ના પગાર સાથે અને ત્રીજો હપ્તો ઓકટોબર-૨૦૨૩ના પગાર સાથે ચૂકવવામાં આવશે. મોંઘવારી ભથ્થાના આ વધારાના પરિણામે રાજય સરકારને અંદાજે વાર્ષિક રૂપિયા ૪,૫૧૬ કરોડનું નાણાકીય ભારણ વધશે.

# ગરમીથી રાહત માટે ગોમતી નદીમાં ધુબાકા મારતા દ્વારકા વાસીઓ

### કુદરતી સ્વીંગ પુલ ગોમતી નદીમાં મોજ માણતા સ્થાનિક અને યાત્રિકો



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૪

સમગ્ર સૌરાષ્ટ્રમાં અસહ્ય ગરમી પડી રહી છે. યાત્રાધામ દ્વારકામાં આવેલ પવિત્ર ગોમતી નદી કુદરતી સ્વીમીંગ પુલ હોય તેમ ગરમીથી રાહત માટે બોપરના સમયે દ્વારકા વાસીઓ તેમજ દ્વારકા દર્શનાથે યાત્રિકો ફેમેલી સાથે ગોમતી નદિમાં ધુમાકા મારવા પહોંચે છે. ખાસ કરીને ખાસ કરીને યુવા વર્ગો ઘાટ ઉપરથી છલાંગ લગાવી રહ્યા છે.

# રાજકોટ જિલ્લામાં ૧૨૭૮ ખેડૂતોને મોબાઈલ ખરીદી માટે રૂા.૭૪ લાખથી વધુની સહાય ચુકવાઈ

## હવામાનની આગાહી, પાક અને કૃષિ લક્ષી માહિતી ખેડૂતો આંગળીના ટેરવે મેળવતા થયા

રાજકોટ તા.૨૪

દેશની સાથે ગુજરાતમાં કૃષિક્ષેત્રે ડિજિટલ સેવાઓનો વ્યાપ દિવસે દિવસે વિસ્તરી રહ્યો છે. રાજ્યના ખેડૂતો ઈન્ફર્મેશન ટેકનોલોજીના ઉપયોગ થકી માહિતી-સમૃદ્ધ બની રહ્યા છે અને ખેતીમાં અવનવી પદ્ધતિઓ અપનાવીને તેનો ફાયદો લઈ રહ્યા છે. રાજયમાં વધુમાં વધુ ખેડૂતો મોબાઈલ ટેકનોલોજી અપનાવીને તેનો લાભ લેતા થાય તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ખેડૂત મોબાઈલ સહાય યોજના અમલી બનાવવામાં આવી છે. રાજકોટ જિલ્લા ખેતીવાડી અધિકારી એ.એલ. સોજીત્રાના જણાવ્યા પ્રમાણે, રાજકોટ જિલ્લામાં આ સ્કીમ અંતર્ગત ગત વર્ષમાં કુલ ૧૨૭૮ ખેડૂતોને રૂપિયા ૭૪.૪૨૦ લાખ રૂપિયાની સહાય આપવામાં આવી છે. નોંધનીય છે કે, ડિજિટલ મોબાઈલ ટેકનોલોજી દ્વારા ખેડૂતો હવામાન ખાતાની આગાહી, વરસાદની આગાહી, સંભવિત રોગ જીવાતના ઉપદ્રવની માહિતી, નવી ખેત પદ્ધતિઓ તથા ખેતીવાડી ખાતાની સહાય યોજનાઓની માહિતી મેળવતા થયા છે. ખેડૂતો સ્માર્ટ ફોન થકી ખેતી વિષયક માહિતીના ફોટોગ્રાફસ, ઈ-મેઈલ, એસ.એમ.એસ. તથા વીડિયોની આપ-લે કરે છે. ખેડૂતો સજીવ અને પ્રાકૃતિક ખેતી અંગે વીડિયો મિટિંગ પણ સ્માર્ટફોન દ્વારા કરી શકે છે. મહત્વનું છે કે, રાજ્યના ખેડૂતો રૂા.૧૫,૦૦૦ સુધીનો મોબાઈલ ખરીદે તો રૂા.૬૦૦૦ સુધીની સહાય અથવા ખરીદ કિંમત ઉપર ૪૦ % સુધી સહાય રાજયસરકાર દ્વારા આપવામાં આવે છે. માત્ર ગુજરાત રાજયના લાભાર્થી ખેડૂતને જ આ સહાય આપવામાં આવે છે. આ માટે ખેડૂત લાભાર્થી જમીન ધરાવતો હોવો જોઈએ. ખેડૂત ખાતેદાર એક કરતાં વધુ ખાતા ધરાવતા હશે તો પણ ફકત એક જ વાર સહાય મળવાપાત્ર છે.

# દ્વારકા નજીકના શિવરાજપુર બીચ ખાતે વિશેષ સમુદ્ર તટીય સ્વચ્છતા કવાયત યોજાઈ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૪



"સ્વચ્છ સમુદ્ર, સુરક્ષીત સમુદ્ર"ના સૂત્ર સાથે પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય(MoES)ના સંકલનમાં રહી દ્વારકામાં આવેલા શિવરાજપુર બીચખાતે તટરક્ષક દળ જિલ્લા હેડક્વાર્ટર નંબર ૧૫ (ઉત્તર ગુજરાત) દ્વારા સમુદ્રતટીય સ્વચ્છતા કવાયત હાથ ધરવામાં આવી હતી. આ કવાયતના આયોજન પાછળ જનભાગીદારી અને સમુદ્રી પ્રદૂષણ નિવારણ તેમજ સ્વસ્થ મહાસાગરો માટે ટકાઉક્ષમ જીવનશૈલી અપનાવવા અંગે જનજાગૃતિને પ્રોત્સાહન આપવાનો હેતુ હતો. ઓખા સ્થિત તમામ ફ્લોટિંગ અને સમુદ્રકાંઠાના એકમોમાં કાર્યરત ભારતીય તટરક્ષક દળના તમામ અધિકારીઓ અને કર્મીઓએ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ટાટા કેમિકલ્સ પ્રાઈવેટ લિમિટેડ, મીઠાપુર અને મહિલા વિકાસ મંડળ, રાજકોટના પ્રતિનિધિઓ સાથે મળીને આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કવાયત દરમિયાન આશરે ૯૫૦ કિલો કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કચરાના નિકાલ માટે દ્વારકાની નગરપાલિકાને સોંપવામાં આવ્યો હતો. આઈ.સી.જી. (ICG) "સ્વચ્છ ભારત અભિયાન" પ્રત્યે પ્રતિબદ્ધ છે. જેનો ઉદ્દેશ્ય સમુદ્ર કિનારાને સુઘડ અને સ્વચ્છ રાખવા અને સમુદ્રી પર્યાવરણને પ્રદૂષિત ટાળવા માટે સ્થાનિક લોકોને શિક્ષિત અને પ્રેરિત કરવાનો છે. આ કાર્યક્રમમાં વિવિધ એજન્સીઓના ૨૫૦ જેટલા કર્મચારીઓ સહભાગી થયા હતા.

## ધારી ગુંદાળીમાંથી જુગાર રમતા પાંચ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૪

ભેંસાણ તાલુકાનાં ધારી ગુંદાળીનાં સીમડાવળી સીમમાંથી ભરત સાવલીયા, જીવરાજગીરી મેઘનાથી, સંજયભાઈ રાઠોડ, ભાવેશભાઈ રાઠોડ, દેવજીભાઈ રાઠોડને જુગાર રમતા રોકડ રૂા. ૩૭૬૦ તથા વાહન નંગ-૩ મળી કુલ રૂા. ૨૮૭૬૦નાં મુદામાલ સાથે ભેંસાણ પોલીસે ઝડપી લીધેલ છે.

## કલ્યાણપુર : પ્રેમ પ્રકરણમાં મહિલાએ ઝેર પીને આપઘાત કર્યો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા. ૨૪

કલ્યાણપુરાથી આશરે ૨૫ કિલોમીટર દૂર હર્ષદ નજીક થોડા સમય પૂર્વે હાલ પોરબંદર તાલુકાના અડવાણા ગામે રહેતા અજયભાઈ જેઠાભાઈ વાઘેલાના પત્ની જોસનાબેન (ઉ.વ. ૨૫) એ ઝેરી દવા પી લેતા તેણીને વધુ સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં ગત તારીખ ૧૩ મેના રોજ તેણીનું સારવાર દરમ્યાન મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવની નોંધ કરાવતા મૃતકના પતિ અજયભાઈ વાઘેલા (રહે. અડવાણા)એ કલ્યાણપુર પોલીસ મથકમાં જાહેર કરેલી વિગત મુજબ મૃતક જોસનાબેન તથા ભોગબનનાર સાહેદ રમેશભાઈ દેવાભાઈ વાઘેલા જેઓ બંને માસી-ભાણેજ થતા હોય, બંને વચ્ચે મનમેળ થતા પ્રેમ સંબંધ બંધાયો હતો. અને તેઓ બંને ઘરેથી ભાગી ગયા હતા. આ યુવતી જોસનાબેન તથા રમેશભાઈ પરિણીત હોય, જેથી તેઓને મનમાં વિચારો આવતા હોય કે આ તેઓથી ખોટું પગલું ભરાઈ ગયું છે. જેથી તે બંનેને મનમાં લાગી આવતા બંનેએ પોત-પોતાના મેળે પાકમાં છાંટવાની ઝેરી દવા પી લેતા તેઓને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રેલવેની ડબલ લાઈનનું કામ પૂર્ણ થતા વંદે ભારત ટ્રેન શરૂ થશે

## ગાંધીનગર કમલમમાં સાંસદ પૂનમબેન માડમે આપી માહિતી

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૪



ગાંધીનગરમાં કમલમ ખાતે ભાજપ કાર્યાલયમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાની કારોબારી બેઠક યોજવામાં આવી હતી. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલની અધ્યક્ષતામાં યોજવામાં આવેલી આ બેઠકમાં પાટીલ દ્વારા કેન્દ્રમાં નવ વર્ષ પૂરા કરનારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકારની ઉપલબ્ધિઓ તથા કાર્યો અંગે જાણકારી આપતા ત્યાં ઉપસ્થિત રહેલા જામનગર તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના સાંસદ પૂનમબેન માડમ દ્વારા કેન્દ્ર સરકાર તરફથી હાલારના વિસ્તારોમાં રેલવે બાબતે કરાયેલા વિકાસ તથા કરોડોના ખર્ચે અદ્યતન રેલવે સ્ટેશન બનાવવા, રેલવેની ડબલ લાઈન તથા ઈલેક્ટ્રીકરણની કાર્યવાહીની પ્રગતિ જણાવવાની સાથે ડબલ લાઈન ટ્રેકનું કામ પૂર્ણ થયા બાદ દ્વારકાના ઓખાથી હાલ અત્યંત આધુનિક અને હાઈસ્પીડની તથા મહત્વની ગણાય છે તે "વંદે ભારત" ટ્રેન ચાલુ કરવામાં આવશે તે અંગેની જાણકારી આપતા સમગ્ર દ્વારકા જિલ્લાના કાર્યકરોએ આ બાબતને તાળીઓથી વધાવી હતી. આ તકે ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે દ્વારકા જિલ્લાના કાર્યકરોને અમદાવાદ-મુંબઈ વંદે ભારત ટ્રેનમાં સુરત આવવા નિમંત્રણ આપ્યું હતું. ત્યાં તેમના દ્વારા કાર્યકરોને રહેવા જમવાની વ્યવસ્થા સાથે આવનારા બહેનોને ભાઈ તરીકે તેમના તરફથી દરેક બહેનોને સાડીની ભેટ આપવાની જાહેરાત કરતા તેને પણ વધાવાઈ હતી.

## તા.૨૮મી મે-પોલીયો રવિવાર- દો બૂંદ જીંદગી કી

# જૂનાગઢ જીલ્લામાં ૦ થી ૫ વર્ષનો એક પણ બાળક 'દો બૂંદ' થી વંચિત ન રહે તે માટે તંત્રની નેમ

### સમગ્ર જીલ્લામાં ૧.૦૪ લાખ બાળકોને પોલીયો સામે રક્ષિત કરવા લક્ષ્યાંક



જૂનાગઢ, તા.૨૪

જૂનાગઢ જિલ્લામાં ૦ થી ૫ વર્ષનો એકપણ બાળક 'દો બૂંદ' થી વંચિત ન રહે તે માટે સવિશેષ તંત્ર દ્વારા આયોજન ઘઢી કાઢવામાં આવ્યું છે. જે મુજબ સમગ્ર જિલ્લામાં વસ્તીના પ્રમાણેના અંદાજ મુજબ ૧.૦૪ લાખ બાળકોને પોલીયોની રસી પિવડાવી બિમારી સામે રક્ષિત કરવામાં આવશે.

તા.૨૮મી મે- પોલીયો રવિવારેના રોજ આ મહાઅભિયાનમાં જિલ્લામાં ૭૬૨ બૂથ ઉપર પોલીયોની રસી પિવડાવવામાં આવશે. તેમજ છૂટછવાયા વાડી અને નેસ વિસ્તારમાં પણ ૩૧ મોબાઈલ બૂથ દ્વારા બાળકોને પોલીયોને રસી પીવડાવવામાં આવશે. ઉપરાંત એક પણ બાળક પોલીયોની રસીથી વંચિત ન રહે તે માટે રેલવે સ્ટેશન, એસ.ટી. બસ સ્ટેશન, મોટા મંદિરો, મેળા બજારો જેવા જાહેર સ્થળોએ ૩૯ જેટલા ટ્રાન્ઝીટ બૂથ પણ ઉભા કરવામાં આવશે.

સમગ્ર જિલ્લામાં એક પણ બાળક પોલીયોની રસી લીધા વિનાછૂટી નજાય તે માટે તા.૨૮ મે-પોલીસ રવિવારના બૂથ ઉપર રસીકરણ બાદ તા.૨૯ અને ૩૦ મેના રોજ હાઉસ-ટુ-હાઉસ આરોગ્ય કર્મીઓની ટીમ બાળકોને રસી મળ્યાની ખાત્રી કરશે અને કોઈ બાળક રસી ન લીધા હોવાનું સામે આવશે, તો તુરંત બાળકને રસી આપવામાં આવશે. ઉપરાંત અમુક વિસ્તારમાં તંત્ર દ્વારા આગોતરૂ રસીકરણ અભિયાન પણ ચલાવવામાં આવશે.

કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા અને જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખના સીધા માર્ગદર્શનમાં પલ્સ પોલીયો રસીકરણ અભિયાનનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે. આ રસીકરણ અભિયાનને સફળ બનાવવા માટે ૫૬૧ આરોગ્ય કર્મી, ૬૬૩ આંગણવાડી કાર્યકર-હેલ્પર બહેનો, ૯૯૯ આશા બહેનો તથા સેવાકીય સંસ્થાના ૧૫૯ જેટલા સ્વયં સેવકો મળીને કુલ-૨૩૮૨ જેટલા કર્મયોગીઓની ૧૧૭૫ ટીમની રચના કરવામાં આવી છે. ઉપરાત બૂથ ઉપર રસી પહોંચતી કરવા માટે ૧૧૭ રૂટ નિર્ધારિત કરવામાં આવ્યાં છે. આ માટે ૧૧૭ જેટલા ઝોનલ સુપરવાઈઝર રસીકરણની કામગીરીનુ સુપરવિઝન કરશે.

કલેક્ટર કચેરી ખાતે ઉક્ત આયોજનના સંદર્ભેની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખે માઈગ્રેટ ખેત મજૂર અને બાંધકામ સાઈટ ઉપર શ્રમિકનો બાળકોને પોલીસની રસીથી રક્ષિત કરવામાં આવે તે માટે સૂચના આપી હતી. ઉપરાંત તેમણે રસીકરણ અભિયાનને સફળ બનાવવા માટે સ્થાનિક પદાધિકારી-આગેવાનોને સાથે રાખીને કામગીરી કરવા માટે પણ જણાવ્યું હતું.

આ પોલીયો રસીકરણ અભિયાનના રાઉન્ડમાં નજીકના પોલીયો બૂથ ઉપર દરેક વાલીઓ પોતાના ૦થી ૫ વર્ષના બાળકને પોલીયોના રોગ સામે રક્ષણ આપવા માટે પોલીયોની રસી અચૂક પીવડાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ પણ કરવામાં આવ્યો છે. ઉપરાંત બાળકને અગાઉ ગમે તેટલી વખત પોલીયોની રસીપીવડાવી હોય તોપણ અને બાળક સામાન્ય બિમાર હોય તો પણ બાળકને પોલીયોની રસી અચૂકપીવડવવા માટે અનુરોધ કરવામાં આવે છે. પોલીયો રસીકરણની કામગીરી સુચારૂ રીતે થઈ શકે તે માટે જિલ્લા કક્ષાનો કન્ટ્રોલ રૂમ તા.૨૭/૫/૨૦૨૩ થી તા.૩૦/૫/૨૦૨૩ દરમ્યાન કાર્યરત રહેશે. કોઈ પ્રશ્ન કે મુંજવણ માટે ફોન નંબર ૦૨૮૫-૨૬૩૩૧૩૧ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

ઉલ્લેખનીય છે કે, સતત ત્રણ વર્ષ સુધી ભારતમાં પોલીયો એક પણ કેસ ન નોંધાયો હોવાથી ભારતને વર્ષ-૨૦૧૪માં વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા પોલીયો મુક્ત જાહેર કરવામાં આવ્યું હતું. હાલ અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને આફ્રિકાના કેટલાંક દેશોમાં પોલીયોના કેસ જોવા મળી રહ્યા છે. જેથી ભારતમાં તકેદારીના ભાગરૂપે પોલીયોનો પ્રવેશ ન થાય તે માટે પલ્સ પોલીયો રસીકરણ અભિયાન ચલાવાવમાં આવી રહ્યું છે. આ બેઠકમાં ઈન્ચાર્જ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. શિલ્પા જાવિયા, આર.સી.એચ.ઓ ડો.એમ.આર. સુતરીયા, પ્રાંત અધિકારી ભૂમિ કેશવાલા, નિશાબા ચુડાસમા, રીના ચૌધરી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### જૂનાગઢમાં શ્રી સેવા સેતુ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત 'સેવા સેતુ'ક ડાયગ્નોસીસ સેન્ટરના ઉદ્ઘાટન પ્રસંગે

## શ્રી સોરઠીયા પ્રજાપતિ સોશ્યલ ગ્રુપનુ અદકેરૂ સન્માન કરાયું



જૂનાગઢ, તા.૨૪

શ્રી સોરઠીયા પ્રજાપતિ સોશિયલ ગ્રુપના પ્રમુખશ્રી વિનુભાઈ ચાંદેગરાની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, જુનાગઢ શહેર એક આરોગ્યની સેવામાં મહત્વનો ભાગ ભજવી રહ્યું છે. જેમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને પરવડે એવા નજીવા દરે શ્રી સેવા સેતુ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સેવાસેતુ નિદાન કેન્દ્રનો પ્રારંભ થયો છે. જેમાં લોકોને લોહી, પેશાબ, એક્સ રે, સહિતના ગુણવત્તા ભર્યા રિપોર્ટ વ્યાજબી ભાવે કરી આપવામાં આવશે. અને ભવિષ્યમાં વિવિધ મેડિકલ ક્ષેત્રના ઉપકરણો (મશીનરીઓ)ની પણ વ્યવસ્થાનો લાભ લોકોને મળશે. જેની દરેક લોકોએ નોંધ લેવી. વિશેષમાં જણાવેલ કે શ્રી સોરઠીયા પ્રજાપતિ સોશિયલ ગ્રુપ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી વિવિધ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિ જેવી કે, સર્વ રોગ નિદાન કેમ્પ, રક્તદાન કેમ્પ, વિદ્યાર્થીઓનો સત્કાર તથા સન્માન સમારોહ, જરૂરિયાતમંદ લોકોને સહાય, સમૂહલગ્ન, નવરાત્રી મહોત્સવ, અષાઢી બીજ શોભાયાત્રા મહોત્સવ, કોરોના કાળ દરમિયાન કરેલ કોવિડ કેર સેન્ટર સહિત વિવિધ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિની નોંધ શ્રી સેવા સેતુ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ લઈને સન્માનિત કરવા બદલ તમામ ટ્રસ્ટીશ્રીઓનો તથા સેવાની ભેખ ધરીને લોકોના સુખમાં સુખી અને દુઃખમાં દુઃખી રહીને એવા સેવાભાવી શ્રી ખજૂરભાઈનો ખુબ ખુબ આભાર.આ પ્રસંગે સોરઠીયા પ્રજાપતિ સોશિયલ ગ્રુપના લલીતભાઈ વરૂ, ભાવેશભાઈ ખોલીયા, હિતેશભાઈ ચાંદેગરા, જયેશભાઈ જાદવ સાહેબ, હરેશભાઈ જેઠવા, ભરતભાઈ જાદવ, આશિષભાઈ કોરિયા, સંદીપભાઈ રાઠોડ, રાજુભાઈ જાદવ, સંજયભાઈ બુહેચા, પ્રવિણભાઈ કોરિયા, વિપુલભાઈ રાવત સહિત ગ્રુપના સભ્યોએ હાજરી આપેલ હતી. આ સેવા સેતુ કેન્દ્રના ડો. નીરજ મૈયળ શ્રી સેવા સેતુ ચેરીટેબલ ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓ તથા આ સંસ્થાને વેગ આપનારા એવા ડો. ચિંતન યાદવ, ડો. પિયુષ બોરખતરીયા, ડૉ. નિલેશ બારૈયા સહિતના તમામ લોકોનો ખુબ ખુબ આભાર માની આવી લોક ઉપયોગી સેવાકીય પ્રવૃત્તિઓ કરતા રહો. તેવી શુભેચ્છા પાઠવી હતી. તેમ યાદીના અંતે જણાવેલ છે.

## જૂનાગઢ અને ગીર સોમનાથ જીલ્લા કક્ષાનો યુવા ઉત્સવ-ઈન્ડિયા@૨૦૪૭ સ્પર્ધા યોજાશે

જૂનાગઢ, તા.૨૪

યુવાબાબત અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર દ્વારા આયોજીત અને જિલ્લા યુવા અધિકારીની કચેરી, નેહરુ યુવા કેન્દ્ર, જૂનાગઢના સયુક્ત ઉપક્રમે જૂનાગઢ જિલ્લાના કલાકારો માટે જિલ્લા કક્ષાનો યુવા ઉત્સવ-ઈન્ડિયા@૨૦૪૭ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૫ થી ૨૯ વર્ષના યુવક/યુવતીઓ એ (૧) ચિત્ર સ્પર્ધા (૨) કાવ્ય લેખન સ્પર્ધા (૩) મોબઈલ ફોટોગ્રાફી સ્પર્ધા (૪) વકતવ્ય સ્પર્ધા (૫) સમૂહ સાંસ્કૃતિક રાસ-ગરબા સ્પર્ધા (પ્રાચીન) સ્પર્ધામાંઓમાંથી કોઈ પણ એક સ્પર્ધામાં ભાગ લઈ શકશે. જૂનાગઢ જિલ્લામાં અભ્યાસ કરતો હોવો જોઈએ. જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાની સ્પર્ધાઓ જે તે (એટલે કે જૂનાગઢ જિલ્લાની સ્પર્ધા જૂનાગઢમાંજ યોજાશે અને ગીર સોમનાથ જિલ્લાની સ્પર્ધા ગીર સોમનાથ જિલ્લા માંજ યોજવામાં આવે છે જેમાં ૧૫થી ૨૯ વર્ષના યુવક/યુવતીઓ આ સ્પર્ધમાં ભાગ લેવા માટે લાયક રહશે. તેમજ જિલ્લા કક્ષાએ રોકડ પુરસ્કાર (૧) ચિત્ર સ્પર્ધા પ્રથમ-૧૦૦૦, દ્વિતીય-૭૫૦, તૃતીય-૫૦૦, (૨) કાવ્ય લેખન સ્પર્ધા - પ્રથમ-૧૦૦૦, દ્વિતીય-૭૫૦, તૃતીય-૫૦૦, (૩) મોબઈલ ફોટોગ્રાફી સ્પર્ધા - પ્રથમ-૧૦૦૦, દ્વિતીય-૭૫૦, તૃતીય-૫૦૦, (૪) વકતવ્ય સ્પર્ધા -પ્રથમ-૫૦૦૦, દ્વિતીય -૨૦૦૦, તૃતીય-૧૦૦૦, (૫) સાંસ્કૃતિક સમૂહ રાસ-ગરબા (પ્રાચીન) સ્પર્ધા - પ્રથમ-૫૦૦૦, દ્વિતીય-૨૫૦૦, તૃતીય-૧૨૫૦રાસ ગરબા હરીફાઈ ટીમમાં રહેશે બીજી સ્પર્ધા વ્યક્તિગત રહેશે.

દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર આપવામાં આવશે. તેમજ વિજેતા સ્પર્ધકોને રાજય કક્ષા અને રાષ્ટ્રીય કક્ષા સ્તરે ભાગ લેવાનો રહશે. તે ભાઈઓ-બહેનો રહેવા જમવાની વ્યવસ્થા અલગ અલગ કરવામાં આવે છે. તથા તેમને જવાનું ને પરત આવવાનું સ્પર્ધાના સ્થળેથી પ્રવાસ ખર્ચ મળશે.

જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં રહેણાંકનો પુરાવો રજુ કરવાનો (આધારકાડ) રહશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છાતાઓએ કચેરીનો સંર્પક કરવો. સરનામું - જિલ્લા યુવા અધિકારીની કચેરી, નેહરૂ યુવા કેન્દ્ર, જૂનાગઢ, કાદરી મંજીલ, લીમડા ચોક, જૂનીકલેકટર કચેરી પાસે, જવાહર રોડ, જૂનાગઢ સ્પર્ધાનું ફોર્મ રૂબરૂ કચેરીએ આવીને ભરવાનું રહશે. તેની સાથે આધારકાર્ડની ઝેરોક્ષ નકલ અને પાસપોર્ટ સાઈઝનો ફોટો જોડવાનો રહશે. તારીખ ૨૯/૫/૨૦૨૩ને સોમવાર સુધીમાં રજાના દિવસો સિવાય સવારના ૧૧-૦૦થી ૨-૦૦ બપોર પછી ૩-૦૦ થી ૫-૦૦ સુધી તેમ એક અખબાર યાદીમાં કચેરી નેહરૂ યુવા કેન્દ્રના નાયબ નિયામક દુષ્યંત ભટ્ટ દ્વારા જણાવવામાં આવે છે.

## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે એન્યુઅલ ગ્રાઉન્ડનટ વર્કશોપ યોજાશે

### તા. ૨૪ થી ૨૬ મે સુધી યોજાનાર વર્કશોપમાં મગફળી સંશોધન સાથે જોડાયેલા ભારતના ૧૭૫ થી વધુ વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહેશે

જૂનાગઢ, તા.૨૪

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે તારીખ ૨૪ થી ૨૬ મે સુધી એન્યુઅલ ગ્રાઉન્ડનટ વર્કશોપ ઓડીટોરીયમ હોલ ખાતે યોજાશે. આ વર્કશોપનો ઉદ્‌ઘાટન સમારોહ તારીખ ૨૪ ના રોજ સવારે ૯-૩૦ કલાકે યોજાશે. મુખ્ય તેલીબીયા સંશોધન કેન્દ્ર જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અને મગફળી સંશોધન નિર્દેશાલય આઈ.સી.એ.આર. જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે એન્યુઅલ ગ્રાઉન્ડનટ વર્કશોપ ૨૦૨૩ તા.૨૪થી ૨૬ મે દરમિયાન જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યશાળામાં મગફળી સંશોધન સાથે સંકળાયેલા ભારતના વિવિધ રાજયના ૧૭૫ થી વધારે વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહેશે. તેમજ આ કાર્યક્રમમાં મગફળી અખતરાના પરિણામો૪ મગફળીની નવી જાતો તેમજ મગફળીના ઉત્પાદન વધારવા માટેના પરિબળોની ચર્ચા વિચારણા કરી પરિણામોના તારણ કાઢવામાં આવશે.

## જૂનાગઢ જીલ્લા ચુવાળીયા કોળી સમાજ દ્વારા પ્રથમ સમુહલગ્ન યોજાયા

જૂનાગઢ, તા.૨૪

સંત શ્રી વેલનાથબાપુની કૃપાથી જૂનાગઢમાં ભવનાથ ખાતે ત્રિલોકનાથ આશ્રમની સામે આવેલ ડુમમાં વેલનાથબાપુના મંદિરની સામે તા.૭/૫/૨૦૨૩ ના રોજ જૂનાગઢ જિલ્લા ચૂંવાળીયા કોળી સમાજ તેમજ ગુજરાત ચૂંવાળીયા કોળીસમાજ (GCKS)ના સહયોગ અને માર્ગદર્શન અનુસાર તેમની ટીમના સહયોગથી પ્રથમ સમુહલગ્નનું આયોજન કરવામાં આવ્યું જેમાં ગુજરાત ચૂંવાળીયા કોળી સમાજના પ્રદેશ પ્રમુખ ધર્મેશભાઈ જંઝવાડિયાને આ કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન આપવામાં આવ્યું અને પ્રદેશ ઉપ પ્રમુખ નટુભાઈ કુંવરિયા, ચેતનભાઈ માણસૂરિયા,તેમજ સુરતના વિક્રમભાઈ દેગામાં, અરજનભાઈ વાઘેલા હિતેશભાઈ મકવાણા, કાનજીભાઈ રવોદરા, બાબરાના નટુભાઈ જાસલીયા, અમદાવાદથી બેચરભાઈ ડાભી પ્રમુખ તેમજ,ધનજીભાઈ ખજાનચી, રાજકોટથી અરુણભાઈ પંચાસરા, શાપર વેરાવળ રાજકોટ થી કલ્પેશભાઈ કુનપરા તેમજ તેમના પિતા વ્રજલાલભાઈ કુનપરા અને ગોંડલથી રાજુભાઈ ઠાકોર, જેતપુરથી હિતેશભાઈ ઠાકોર, વિમલભાઈ ચાવડા, જામનગર થી પ્રમુખ શ્રીનરશીભાઈ રોરિયા, વનરાજભાઈ પારડીયા, ધોરાજી ના છગનભાઈ મીણિયા સંતમાં પ્લાસવા મંદિરના ગાદીપતિ સુંદરનાથબાપુ, પૂર્વ વિધાયક બાબુભાઈ વાજા તેમજ સમાજના આગેવાનોએ એ હાજરી આપી પ્રસંગ ની શોભા વધારી અને જૂનાગઢના પ્રથમ નાગરિક મેયર ગીતાબેન પરમાર, એડવોકેટ યોગેશભાઈ બાલસ, ભાવેશભાઈ જંજવાળીયા, વર્લ્ડ ઈનબોક્સના પ્રદીપભાઈ પરમાર, મેહુલભાઈ વાધિયા, ભરતભાઈ બાલસ, જીપી કાઠી સાહેબ, ધીરુભાઈ ચૌહાણ, ભરતભાઈ કટેશીયા, ખીમજીભાઈ મોકરિયા, મેણસીભાઈ ચારિયા,મનુભાઈ ઝાલા, વિસાવદરથી રમેશભાઈ દાન્તેવાડિયા, અરજણભાઈ રૂદ્રતાલ, અરજણભાઈ ડોકલ, કનુબાપા પૂજારી, ગોરધનભાઈ કુનપરા, અશોકભાઈ મકવાણા, જગદીશભાઈ મકવાણા,ભરતભાઈ પરમાર, ભીમજીભાઈ વાધેલા, ભુપતભાઈ વડેચા, વ્રજલાલ દેગામાં, રમેશભાઈ રાઠોડ, સુરેશભાઈ બી. મકવાણા, રાજુભાઈ અઘેરા, ધરમશીભાઈ બી. પરમાર,ધીરુભાઈ કામલપરા, જયરાજભાઈ ઠાકોર, દોલતપરાના ભાવેશભાઈ અને ટીમ, રવિભાઈ અને ટીમ, શિવાભાઈ અને ટીમ, ગોવિંદભાઈ ઉગ્રેજા, તેમજ છેલ્લા અઠવાડિયાથી સતત કાર્યરત રહેલ જોશીપુરા ટ્રસ્ટ ની ટીમ માં જગદીશ બારૈયા એ સખત મહેનત કરી અને સાથે રાજુ કામલપરા, અનિલ કામલપરા, યુવા ટિમ દર્પણ કુનપરા , મિતેષ મકવાણા, ચેતન પરમાર, ભાવિક પરમાર, રવિ મકવાણા, રાજેશ પરમાર, દોલતપરા યુવા ટિમ ભાવેશ માલકીય, સુરેશ કોલદ્રા, રવિ મકવાણા, શિવાભાઈ, આ બધાનું સ્વાગત સમિતિ કંકુ તિલક કરી ફૂલોથી વધાવ્યા.



જૂનાગઢ કલેકટર, કમિશ્નર , એસ.પી., સમાજ કલ્યાણ અધિકારી, સમાજ સુરક્ષા અધિકારી, ડી.એફ.ઓ., તેમજ ભવનાથના પી.આઈ તેમજ ભવનાથ પોલિસ સ્ટેશનનો બધોજ સ્ટાફનો સહકાર મળેલ અને કર્પોરેશન કમિશ્નરના પી.એ.વિપુલભાઈ મોરજરીયા, હાજાભાઈ ચુડાસમા, ડો.શૈલેષભાઈ ચુડાસમા, દેવાંગભાઈ જોશી, રાજેશભાઈ લખભાઈ પરમાર અને તેના દ્વારા સફાઈ કાર્ય તેમજ પાણીની વ્યવસ્થા ખુબ સરસ રીતે વ્યવસ્થા કરી આપી હતી અને ડો.શૈલેષભાઈ ચુડાસમાએ લગ્નની નોંધણી જેતે દિવસે કરવા માટે દેવાંગભાઈને ડેપ્યુટ કર્યા તે બદલ સમૂહલગ્ન સમિતિ ખુબ ખુબ આભાર માને છે. આ કાર્યમાં જમ્યા પહેલા અને પછી નિઃશુલ્ક સોડાની વ્યવસ્થા કુનપરા પરિવાર તરફથી કરવામાં આવી હતી અને આ તકે સમાજની દીકરી રવીનાબેન દિનેશભાઈ હદકીયાને ગોલ્ડ મેડલ મળેલ હોય તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

### ઉના તાલુકાના સિમરધામ ખાતે

## જગજીવનબાપુ સેવા આશ્રમમાં ભજન પારાયણ જ્ઞાનયજ્ઞનો કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૪



ઉના તાલુકાના સિમરધામ મા આવેલ જગજીવનબાપુ સેવા આશ્રમમાં સર્વ જીવ માત્રના કલ્યાણ અને વિશ્વશાંતિ માટે તા.૧૮/૫/૨૦૨૩થી છ દિવસનો ભવ્ય ભજન પારાયણ જ્ઞાનયજ્ઞ યોજવામાં આવેલહતો. બન્ને ટાઈમ પૂજય હીંમત જીવનબાપુ ગુરૂ જગજીવનરબાપુ સુંદર રીતે ભજન પારાયણ કરેલ હતી જેનો લાભ સમગ્ર ગુજરાત અને મહારષ્ટ્રથી સેવકો ભક્તો મોટી સંખ્યામાં હાજરી આપી લાભ લીધો હતો. બન્ને સમયે હજારો લોકોએ સમુહ ભોજન લીધુ હતું ૨૨/૫ને સોમવારે સાંજે મીરા આખ્યાન અને ગુરૂ પૂજન કરવામાં આવ્યું હતુંર. રાતે મહા રાસ યોજાયો હતો. આ પ્રસંગે ખાસ હાજરી આપેલ ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડનું ઉપરણું ઓઢાડી બહુ માન કરવામાં આવ્યું હતું. છઠા દિવસે પૂર્ણાહુતિ યજ્ઞ કરાયેલ અને બીલખામાં આવેલ આનદ આશ્રમમાં જે બટુકોને જનોઈ આપવામાં આવી હતી તેમનું સન્માન કરવામાં આવેલ હતું. છ દિવસ સુધી આશ્રમના પ્રમુખ દિનેશભાઈ શાહ (મુંબઈ), ભાવેશભાઈ ઉપાધ્યાય, જીતુભાઈ શાહ અને ઉના તાલુકાના તમામ ભક્તજનોએ સેવા આપી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# અસંમજસભરી સ્થિતિનો સામનો કરી રહેલા રાજયપાલો

હાલમાં જ સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રના ઘટનાક્રમ પર રાજયપાલની ભૂમિકા પર આપેલ ચુકાદામાં જે કંઈ કહ્યું તેની કાનૂની સ્થિતિ તમામ પક્ષોએ સ્વીકાર કરવી જ પડશે. જોકે, જે કાયદાના જાણકાર નથી તેમને પણ તેની વિવેચના અને તેને વ્યક્ત કરવાનો અધિકાર હોવો જોઈએ. સર્વોચ્ચ ન્યાયાલયે મહારાષ્ટ્રના રાજયપાલ રહેલા ભગત સિંહ કોશ્યારીની આ મામલે ભૂમિકાને આડે હાથ લીધી. જોકે કોશ્યારીની આ ટીકા સમજની બહાર છે. આખરે જયારે રાજયપાલ પાસે સરકારના વિરોધમાં આટલી મોટી સંખ્યામાં ધારાસભ્યોની સહીવાળો પત્ર પ્રસ્તુત કરવામાં આવે તો તેનો એકમાત્ર નિષ્કર્ષ હતો કે સરકાર અલ્પમતમાં આવી ગઈ છે. પહેલાંના એવા કેટલાય ઉદાહરણો રાજયપાલના ધ્યાનમાં રહ્યા હશે, જેમાં સરકારનો બરખાસ્ત કરી દેવામાં આવી હતી. તેમ છતાં, મહારાષ્ટ્રના રાજયપાલે એવું ન કર્યું. તેમણે ઉલટાનું મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરેને વિશ્વાસમત મેળવવાનું કહ્યું. આ એક તર્કસંગત નિર્ણય હતો. જયારે મુખ્યમંત્રી ઠાકરેએ સદનનો સામનો કર્યા વિના જ રાજીનામું આપી દીધું. તેનો અર્થ એ હતો કે તેઓ સમજી ગયા હતા કે તેમની પાસે બહુમત નથી.

આવી સ્થિતિમાં કોશ્યારીનો નિર્ણય સર્વોચ્ચ ન્યાયાલયના બહુચર્ચિત એસ.આર. બોમ્મઈ કેસનેઅનુરૂપ જ હતો. કર્ણાટકની બોમ્મઈ સરકારને ૨૧ એપ્રિલ, ૧૯૮૯ને અનુચ્છેદ ૩૫૬ અંતર્ગત બરખાસ્ત કરીને રાજયપાલની ભલામણ પર રાષ્ટ્રપતિ શાસન લગાવી દેવામાં આવ્યું હતું. ત્યારે કેટલાક ધારાસભ્યોએ વિદ્રોહ કર્યો હતો, પરંતુ રાજયપાલે મુખ્યમંત્રીને વિધાનસભામાં બહુમતી સાબિત કરવાનો અવસર નહોતો આપ્યો. ત્યારબાદ સર્વોચ્ચ ન્યાયાલયે ઐતિહાસિક ચુકાદો આપતાં ભવિષ્ય માટે સ્પષ્ટ દિશાનિર્દેશઆપ્યા કે આવા પ્રકરણોમાં યોગ્ય નિર્ણય સુધી કેવી રીતે પહોંચવું. તેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું કે કોઈપણ રાજ્ય સરકાર માટે બહુમત સાબિત કરાવવાનું માત્ર એક જ સ્થાન છે અને તે છે વિધાનસભાનો મંચ. ઉપરોક્ત ચુકાદામાં એવી કોઈ ટેકનિકલ જટિલતા ન હતી, જેને સામાન્ય નાગરિક સમજી ન શકે. એવામાં આ એક કોયડો બની ગયો કે જયારે રાજયપાલ રૂપે કોશ્યારી એ જ નિર્દેશોનું પાલન કરી રહ્યા હતા, તેમ છતાં સુપ્રીમ કોર્ટે તેમને ખોટા ઠેરવી દીધા! એવામાં હવે જયારે પણ મહારાષ્ટ્ર જેવી પરિસ્થિતિ ઊભી થશે તો કોઈ રાજયપાલ સમક્ષે એ નિર્ણય કરવો અત્યંત મુશ્કેલ થશે કે તે બોમ્મઈ પ્રકરણના દિશાનિર્દેશ માને કે પછી કોશ્યારી માટે આપવામાં આવેલ સુપ્રીમ કોર્ટની સલાહને ધ્યાનમાં રાખે?

ભારતમાં સમયે સમયે એવી સ્થિતિઓ પેદા થતી જ રહેશે, કારણ કે કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત રાજયપાલ અને કેન્દ્રથી ઈતર રાજકીય પક્ષોવાળી રાજય સરકારમાં રાજકીય-વૈચારિક એકરૂપતા સંભવ હોઈ જ ન શકે. દિલ્હીમાં ઉપરાજ્યપાલ અને રાજય સરકાર વચ્ચે નિરંતર ચાલતો વિવાદ તેનું એક મોટું ઉદાહરણ છે. એવામાં પારસ્પરિક વૈચારિક આદાન-પ્રદાન સમસ્યાઓનું સમાધાન કાઢવામાં સહાયક બની શકે છે. વિમર્શ લોકતંત્રમાં સૌથી પ્રભાવી ઉપકરણ છે જે કોઈપણ સમસ્યાનું સમાધાન કરી શકે છે. જયારે એવું નથી થતું તો સમસ્યાઓ અને ટકરાવ વધે છે. વિમર્શનો અભાવ કેટલીય અપ્રિય સ્થિતિઓને જન્મ આપે છે. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ જયારે બંગાળના રાજયપાલ હતા તો હંમેશાં એજ જોવા મળતુંહતું કે રાજય સરકાર કોઈને કોઈ પ્રકારે તેમના અપમાનનો પ્રયાસ કરતી હતી. મહત્ત્વપૂર્ણ અવસરો પર તેમને કાર્યક્રમ સ્થળ સુધી પહોંચતાં પહેલાં જ દરવાજાસુધ્ધા બંધ કરી દેવાતા હતા. સરકારી અધિકારીઓને તેમની સાથે કોઈ સંપર્ક ન રાખવાનું ફરમાન કરાયું. બંગાળના જ નહીં, બલ્કે દેશભરના ભદ્ર લોકો એના પર ચૂપ રહ્યા. પછી ત્યાં નવા રાજયપાલની નિયુક્તિ થઈ. શરૂઆતમાં તેમની અને મુખ્યમંત્રી મમતા બેનર્જી વચ્ચે સૌહાર્દના આશાજનક સમાચારો આવ્યા. મુખ્યમંત્રીએ તેમને બાંગ્લા ભાષાના અક્ષરજ્ઞાનનુંપુસ્તક પણ ભેટમાં આપ્યું. પછી ખબર પડી કે મમતા બેનર્જી યુનિવર્સિટીઓને રાજયપાલના કુલાધિપતિ રૂપે કોઈ નિર્દેશ કે પત્રાચાર સુધ્ધા પસંદ નથી કરતાં. હવે એ બંગાળની તમામ સરકારી યુનિવર્સિટીઓના કુલાધિપતિ એટલે કે રાજયપાલ સમક્ષે સ્પષ્ટ થઈ ગયું છે કે કાં તો યુનિવર્સિટીઓના મુદ્દાથી દૂર રહે અથવા મુખ્યમંત્રીના શબ્દબાણ વેઠવા તૈયાર રહે.

# ધીરેન્દ્ર શાસ્ત્રીનાં ભવ્ય સ્વાગતમાં સુરત ભગવા રંગે રંગાયું



## લોક રક્ષક સેના દ્વારા ઘરે-ઘરે ધ્વજ લગાડવામાં આવશે
## ઘરે દીવા પ્રગટાવીને દિવાળી જેવો માહોલ ઉભો કરાશે

સુરત,તા.૨૪

બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી સુરતમાં દિવ્ય દરબાર યોજવાના છે, ત્યારે ભવ્ય સ્વાગતની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. લોક રક્ષક સેના દ્વારા લાખોની સંખ્યામાં ધ્વજ લગાડી ભગવાનના રંગે રંગી દેવાનું આયોજન છે. બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીના અનુયાયીઓની સંખ્યા ખૂબ મોટી છે. દેશભરની અંદર અલગ અલગ જગ્યા ઉપર તેમના સમર્થકો લાખોની સંખ્યામાં છે. ધીરેન્દ્ર શાસ્ત્રી સુરતમાં આવી રહ્યા છે ત્યારે સુરતની લોક રક્ષક સેના દ્વારા ઘરે ઘરે લોકરક્ષક સેનાના ધ્વજ લગાવવામાં આવશે અને તેમના દ્વારા લોકોને કાર્યક્રમમાં જોડાવા આહવાન કરવામાં આવ્યુ. સુરત શહેરમાં ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર યોજાવાનો છે ત્યારે સમગ્ર શહેરની અંદર જબરજસ્ત ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યા છે અને તેમના આગમન માટેની પણ પૂરજોશથી તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. ધીરેન્દ્ર શાસ્ત્રી ગુજરાતમાં આવી રહ્યા છે ત્યારે સુરતમાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. લોક રક્ષક સેના દ્વારા ઘરે-ઘરે ધ્વજ લગાડવામાં આવશે અને દરેક ઘરે દીવા પ્રગટાવીને દિવાળી જેવો માહોલ ઉભો કરવામાં આવશે.સુરત શહેરના આઠ ઝોનમાં અલગ અલગ ધ્વજનું વિતરણ કરવામાં આવશે. લોકો પાસે જે પણ લાઈટિંગનો સામાન હશે તે લોકો સ્વયંભૂ પોતાના ઘર બહાર લાવીને લગાવશે. દિવાળીની જેમ ઘરોને પણ શણગારવા માટેનું આહવાહન કરવામાં આવ્યું છે.

લોક રક્ષક સેનાના સ્વયંસેવકો હજારોની સંખ્યામાં ખડે પગે દિવ્ય દરબાર માટે સેવા આપશે.લોક રક્ષક સેનાના અધ્યક્ષ મહેશ પાટીલે જણાવ્યું કે અમારું સંગઠન સમગ્ર ભારત વર્ષમાં છે વાઘેશ્વર ધામ સાથે હું વ્યક્તિગત રીતે ઘણા સમયથી જોડાયેલો છું. અમે ધીરેન્દ્ર શાસ્ત્રીજી મહારાજનું ભવ્ય સ્વાગત કરવા જઈ રહ્યા છે દરેક રામ ભક્ત આમાં ખૂબ હૃદયથી સેવા આપવા માટે તત્પર છે. રામ સેવકોની કતાર લાગી જશે અને કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ પ્રકારની સેવા આપવા માટે અમે લોકો તૈયાર છે.

## ભારતે ૯ માછીમારો સહિત ૨૨ પાકિસ્તાનીઓને મુક્ત કર્યા

કચ્છ,તા.૨૪

ભારત અને પાકિસ્તાનના સંબંધો ભલે સુધર્યા ના હોય પણ ડિપ્લોમેટિકલી રીતે બન્ને એકબીજાના કાયદાને મહત્વ આપી રહ્યાં છે, હાલમાં ફરી એકવાર ભારતે ભારતમાં કેદ પાકિસ્તાની માછીમારો સહિતના કેદીઓને મુક્ત કર્યા છે.

ભારત સરકારે કચ્છની જેલમાં બંધ ૯ માછીમાર સહિત ૨૨ પાકિસ્તાનીઓને હાલમાં જ મુક્ત કર્યા છે. ખરેખરમાં, થોડા દિવસો પહેલા જ પાકિસ્તાને ૧૮૪ ગુજરાતી માછીમારોને મુક્ત કર્યા હતા, હવે આ પગલે ભારતે પણ કાર્યવાહી કરી છે, ભારતે જુદી-જુદી જેલોમાં બંધ ૨૨ જેટલા પાકિસ્તાનીઓને વાઘા-અટારી બોર્ડર પરથી સરહદ પાર કરીને પાકિસ્તાનીઓને તેમના દેશના હવાલે કર્યા છે. દિલ્હીમાં પાકિસ્તાની હાઈ કમિશન દ્વારા જારી કરાયેલ ‘ઈમરજન્સી ટ્રાવેલ સર્ટિફિકેટ’ના આધારે આ તમામને પાકિસ્તાન મોકલવામાં આવ્યા છે.

# અમેરિકાના રિચમંડ શહેરમાં ઉમિયા નવશક્તિધામ ત્રિ-દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



## ગુજરાતના ૫૧ પાટીદાર પરિવારો પાટલાના યજમાન તરીકે જોડાયા : મંદિરમાં ઉમિયા માતાજીની મૂર્તિની સાથે અન્ય ૨૧ દેવી દેવતાઓની મૂર્તિઓ સ્થાપિત કરાઈ

અમેરિકા,તા.૨૪

મા ઉમિયાના ભક્તો દેશવિદેશમાં ફેલાયેલા છે. એક તરફ અમદાવાદના જાસપુર ખાતે જ્યારે વિશ્વનું સૌથી ઊંચામાં ઊંચું જગત જનની મા ઉમિયાનું મંદિર વિશ્વઉમિયાધામ બની રહ્યું છે. ત્યારે બીજી તરફ, પાટીદારો હવે મા ઉમિયાની ભક્તિને સાત સમુદ્ર પાર લઈ ગયા છે. ત્યારે અમેરિકાના કેન્ટુકી સ્ટેટના રિચમંડ શહેરમાં જગત જનની મા ઉમિયાનું મંદિર નિર્માણ પામ્યું છે. ૨૧ મે ૨૦૨૩ રવિવારના દિવસે મંદિરનો ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો. જેમાં ૧૦ હજાર જેટલા પાટીદારો ઉમટી પડ્યા હતા.

અમેરિકાભરમાં રહેતા પાટીદારોએ આ મહોત્સવમાં હાજરી આપી હતી. અમેરિકામાં વસતા ૧૦ હજાર જેટલા પાટીદારોએ આ મહોત્સવમાં ભાગ લીધો હતો. ૧૯ મેથી ૨૧ મે સુધીમાં અનેક વિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું. જેમાં શોભાયાત્રા, દાંડિયા રાસ જેવા આયોજન પણ થયા હતા. આ કાર્યક્રમમાં સાયલાથી માધવદાસજી મહારાજે હાજરી આપી હતી, તેમના હાથે મંદિરને ખૂલ્લું મુકાયું હતું. આ કાર્યક્રમમાં ગુજરાતના ૫૧ પાટીદાર પરિવારો પાટલાના યજમાન તરીકે જોડાયા છે.

અમેરિકાની ધરતી પર પહેલીવાર મા ઉમિયાનો આવો ભવ્ય ઉત્સવ યોજાયો હતો. આ કાર્યક્રમમાં યજ્ઞમાં પણ મોટી સંખ્યામાં દંપતીઓએ ભાગ લીધો હતો અને માઈ ભક્તોએ ઉમિયા માતાજીના દર્શનનો લાહવો લીધો હતો. કાર્યક્રમ સ્થળ પર જ યજ્ઞશાળા બનાવાઈ હતી.

આ કાર્યક્રમમાં સાયલાથી માધવદાસજી મહારાજે હાજરી આપી હતી, તેમના હાથે મંદિરને ખૂલ્લું મુકાયું હતું.મંદિરમાં ઉમિયા માતાજીની મૂર્તિની સાથે અન્ય ૨૧ દેવી દેવતાઓની મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી છે. તેમજ ગણપતિજી, હનુમાનજી, રાધા-કૃષ્ણ, શ્રીના શિવ પાર્વતી લક્ષ્મી નારાથા, રામ-સીતા અને નવગ્રહ, મા અંબા બહુચરાજી સહિત છ માતાજી બિરાજમાન છે.

# જ્ઞાનવાપી મસ્જિદમાં કથિત શિવલિંગ વિવાદ પર વારાણસી જિલ્લા અદાલતે મહત્વનો આદેશ આપ્યો

## કોર્ટે આદેશ આપ્યો છે કે તમામ ૭ કેસની સુનાવણી એક જ કોર્ટમાં થશે



વારાણસી,તા.૨૪

વારાણસી જિલ્લા અદાલતે જ્ઞાનવાપી મસ્જિદ કેસમાં મોટો આદેશ આપ્યો છે. ડિસ્ટ્રિક્ટ કોર્ટે કહ્યું કે તમામ સાત ૭ કેસને એકસાથે ક્લબ કરવામાં આવે. હવે કેસની સુનાવણી સામૂહિક રીતે થશે. જ્ઞાનવાપી મસ્જિદ કેસ સાથે જોડાયેલા તમામ કેસની સુનાવણી એકજ કોર્ટમાં થશે. હવે અલગથી સુનાવણી થશે નહીં. આ કેસમાં પક્ષકારો સીતા, મંજુ વ્યાસ, લક્ષ્મી અને રેખાની અરજી પર સુનાવણી કરતા કોર્ટે આ આદેશ આપ્યો છે.

ઉત્તર પ્રદેશની જ્ઞાનવાપી મસ્જિદમાં કથિત શિવલિંગ વિવાદ પર વારાણસી કોર્ટે મહત્વનો ચુકાદો આપતા આજે કહ્યું છે કે કોર્ટે આ કેસ સાથે સંબંધિત તમામ અરજીઓને એકસાથે ક્લબ કરવાનો નિર્ણય લીધો છે. કોર્ટે આદેશ આપ્યો છે કે તમામ ૭ કેસની સુનાવણી એક જ કોર્ટમાં થશે.

સુનાવણી દરમિયાન, કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી કે જ્ઞાનવાપી એપિસોડ સાથે સંબંધિત સાત કેસ સમાન પ્રકૃતિના છે. આવી સ્થિતિમાં તેમને એકસાથે સાંભળવા જોઈએ.

જિલ્લા ન્યાયાધીશે જુદા જુદા કેસોને લગતી ફાઈલો મંગાવી હતી. આ કેસમાં તમામ પક્ષકારોના નિવેદન નોંધી લેવામાં આવ્યા છે.આ પહેલા સોમવારે આ વિવાદ પર કોર્ટમાં સુનાવણી થઈ હતી. અંજુમન ઈન્તેજામિયા મસાજિદ સમિતિએ કાર્બન ડેટિંગ અને ગ્રાઉન્ડ પેનિટ્રેટિંગ રડાર (જીપીઆર) તકનીકો સાથે વિવાદિત સ્થળનું સર્વેક્ષણ કરવા માટે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (છજીૈં)ની અરજી સામે વાંધો ઉઠાવ્યો હતો. જિલ્લા ન્યાયાધીશ ડૉ. અજય કૃષ્ણ વિશ્વેશની અદાલતે સુનાવણીની આગામી તારીખ ૭ જુલાઈ નક્કી કરી છે. આ કેસમાં રાખી સિંહ વતી એડવોકેટ શિવમ ગૌરે, શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ વતી એડવોકેટ રમેશ ઉપાધ્યાય, અંજુમન એરેન્જમેન્ટ મસ્જિદ કમિટિ વતી રઈસ અહેમદે દલીલ કરી હતી કે સુનાવણી એકસાથે ન થવી જોઈએ.તે જ સમયે, ચાર મહિલા અરજદારોના વકીલ સુભાષ નંદન ચતુર્વેદી અને સુધીર ત્રિપાઠીએ કહ્યું હતું કે તમામ સાત કેસો સમાન પ્રકૃતિના છે. બધાનો કેસ નંબર સરખો છે અને તમામ કેસનો ઑબ્જેક્ટ સમાન છે. આવી સ્થિતિમાં સમયની બચત અને કોર્ટની સુવિધાને ધ્યાનમાં રાખીને તમામ ૭ કેસની એકસાથે સુનાવણી કરવી વ્યાજબી છે.તાજેતરમાં, સુપ્રીમ કોર્ટે મસ્જિદમાં કથિત શિવલિંગની કાર્બન ડેટિંગ પર પ્રતિબંધ મૂક્યો છે. ગયા વર્ષે આ મસ્જિદનો વીડિયોગ્રાફિક સર્વે કરવામાં આવ્યો હતો. તેના પર શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં ‘શિવલિંગ’ની કાર્બન ડેટિંગ સહિત ‘સાયન્ટિફિક સર્વે’ અંગે સુનાવણી હાથ ધરવામાં આવી હતી અને કોર્ટે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દ્વારા કાર્બન ડેટિંગના નિર્દેશ આપતા અલ્હાબાદ હાઈકોર્ટના આદેશ પર સ્ટે આપ્યો હતો. આ સાથે કોર્ટે નોટિસ પણ જારી કરી હતી. સુપ્રીમ કોર્ટમાં જ્ઞાનવાપી કેસની આગામી સુનાવણી ૨૨ મેના રોજ થશે.

## ચીનના એક ટોચના એક્સપર્ટનો દાવો

# કોરોનાની નવી લહેર જૂનમાં આવી શકે છે, ૬ કરોડ લોકો થઈ શકે છે સંક્રમિત

ચીન,તા.૨૪

ચીનના એક ટોચના એક્સપર્ટનો દાવો છે કે જૂનના અંતમાં કોરોનાની નવી લહેર આવી શકે છે જે ૬૫ કરોડ લોકોને સંક્રમિત કરી શકે છે. સોમવારે, દક્ષિણ ચીનના ગુઆંગડોંગ પ્રાંતના ગુઆંગઝૂમાં ૨૦૨૩ ગ્રેટર બે એરિયા સાયન્સ ફોરમમાં, ઝોંગ નાનશને એવો પણ દાવો કર્યો હતો કે કોરોના ચેપ વાયરસના XBB પ્રકારને ટાળવા માટે ૨ નવી રસીઓ ટૂંક સમયમાં બજારમાં આવી શકે છે. નાનશાને કહ્યું કે એપ્રિલના અંતમાં અને મેની શરૂઆતમાં કોવિડની નાની લહેર ’અપેક્ષિત’ હતી. તેમણે કહ્યું કે મેના અંતમાં સંક્રમણનું એક નાનો પીક આવવાની સંભાવના છે. આ સાથે, સંક્રમણની સંખ્યા દર અઠવાડિયે લગભગ ૪૦ મિલિયન સુધી પહોંચી જશે. જૂનના અંત સુધીમાં, રોગચાળો ૬૫ મિલિયન ચેપની ટોચ પર પહોંચી શકે છે.

નાનશાને એ પણ માહિતી આપી હતી કે XBB વેરિઅન્ટનો સામનો કરવા માટે ચીને કોવિડ-૧૯ની બે રસીઓને મંજૂરી આપી છે જે ટૂંક સમયમાં બજારમાં ઉપલબ્ધ થશે. તેમના મતે ચીન વધુ અસરકારક રસી વિકસાવવાના મામલે અન્ય દેશો કરતા આગળ છે. તો બીજી તરફ કિંગ યુનિવર્સિટી ફર્સ્ટ હોસ્પિટલના શ્વસન નિષ્ણાત વાંગ ગુઆંગફા દાવો કરી રહ્યા છે કે કોરોનાના બીજા તરંગ વિશે વધુ ચિંતા ન કરો. મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે બીજી લહેર પહેલા કરતા નબળી છે.

તેના લક્ષણો નજીવા હશે. હા, જેઓ આ બીમારીથી પીડિત છે તેઓએ સાવચેત રહેવું જોઈએ. ભારતમાં એક જ દિવસમાં કોરોના વાયરસના સંક્રમણના ૪૭૩ નવા કેસ સામે આવ્યા બાદ દેશમાં અત્યાર સુધીમાં સંક્રમિત લોકોની સંખ્યા વધીને ૪,૪૯,૮૬,૯૩૪ કરોડ થઈ ગઈ છે. તે જ સમયે, સારવાર હેઠળ દર્દીઓની સંખ્યા ઘટીને ૭,૬૨૩ થઈ ગઈ છે. સોમવારે સવારે આઠ વાગ્યે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર, ચેપને કારણે વધુ સાત દર્દીઓના મોત બાદ દેશમાં કોરોના વાયરસના સંક્રમણને કારણે જીવ ગુમાવનારા લોકોની કુલ સંખ્યા વધીને થઈ ગઈ છે. ૫,૩૧,૮૩૯ છે. આ સાત લોકોમાં તે વ્યક્તિનો પણ સમાવેશ થાય છે જેનું નામ કેરળ દ્વારા વૈશ્વિક રોગચાળામાં મૃત્યુ પામેલા દર્દીઓની યાદીમાં ઉમેરવામાં આવ્યું છે, જ્યારે ચેપથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા સાથે ઉમેરવામાં કરવામાં આવ્યું હતું.

આંકડા અનુસાર, ભારતમાં અત્યાર સુધીમાં કુલ ૪,૪૪,૪૭,૪૭૨ લોકો સંક્રમણ મુક્ત થયા છે, જ્યારે કોવિડ -૧૯ થી મૃત્યુ દર ૧.૧૮ ટકા છે. સ્વાસ્થ્ય મંત્રાલયની વેબસાઈટ અનુસાર, ભારતમાં રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં એન્ટી-કોવિડ-૧૯ રસીના ૨૨૦.૬૬ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

દરેક અંધકાર એ પ્રકાશ આવવાનો સૂચક છે.

- મત્સ્યપૂરાણ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.દએ-૧૩૯૨, મુ. જીલ્કાદ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, જયેષ્ઠ સુદ-૫, તા.૨૪ મે ૨૦૨૩, બુધવાર, પારસી તા.૧૨, મુસ્લિમ તા.૩, પુનર્વસુ નક્ષત્ર, ગંડ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૦૮, સૂ.અ.૭:૨૮

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ), સવારે ૮:૨૯ ક. પછી જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

-કનકચંદ્ર સી.વ્યાસ

મેષ : આકસ્મિક ધન લાભ થાય, દિવસ આનંદમય વ્યતિત થાય.
વૃષભ : વડીલ વર્ગથી લાભ મેળવી શકશો, નવિન શુભ સમાચાર મળે.
મિથુન : આર્થિક લાભ મેળવી શકશો, શેર-સટ્ટામાં લાભ મેળવી શકશો.
કર્ક : જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે, કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં સફળતા મળે.
સિંહ : સ્વમાન ઘવાય તેવા પ્રસંગ બને, આર્થિક પરિસ્થિતિ તંગ રહે.
કન્યા : મુસાફરી-પ્રવાસમાં લાભ થાય, આરોગ્ય બાબતે સાવચેતી રાખવી.
તુલા : પડવા-વાગવાથી સંભાળવું, આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે.
વૃશ્ચિક : પ્રગત્તિની દિશા ખુલે, મનમાં ગુપ્ત ચિંતા રહે.
ધન : વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું, મનમાં ગુપ્ત ચંતા રહે.
મકર : મનનું ધાર્યું થાય નહીં, કાર્યબોઝમાં વધારો થાય.
કુંભ : મનમાં આનંદ રહે, પ્રસાવ-મુસાફરીના યોગ છે.
મીન : નવિન કાર્યમાં સફળતા મળે, લાભની તક સાંપડે.

# નબળા બાંધકામને લીધે પુલનું ડિમોલિશન કરવામાં આવશે : આ પુલોનું નિર્માણ કરનાર ગુજરાતની બિલ્ડર કંપની પાસે હજુ પણ રાજ્યમાં ૬ પ્રોજેક્ટ્સ ચાલુ છે

અમદાવાદ તા.૨૪

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) એ ૧૫ એપ્રિલના રોજ જાહેરાત કરી હતી કે તે શહેરના એક એવા મુખ્ય પુલને તોડી પાડશે જેને ૨૦૧૭માં તેના ઉદઘાટન પછી એક FIR મુજબ માત્ર ચાર વર્ષની અંદર માળખાકીય નુકસાન થયું હતું. હાટકેશ્વર ફલાયઓવર બ્રિજ બનાવનાર પેઢીના અધ્યક્ષ સહિત સાત લોકો સામે એફઆઈઆર દાખલ કરવા ઉપરાંત, AMCએ તેના આઠ એન્જિનિયરો સામે વિભાગીય પૂછપરછ શરૂ કરી છે અને તેમાંથી ચારને સસ્પેન્ડ કર્યા છે. ઈન્ડિયન એક્સપ્રેસને જાણવા મળ્યું છે કે મહેસાણા સ્થિત કંપની અજય એન્જી-ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ (AEIPL) પાસે કેન્દ્ર અને અન્ય રાજયોના અન્ય ચાવીરૂપ પ્રોજેક્ટ્સ ઉપરાંત ગુજરાતમાં ઓછામાં ઓછા છ ચાલુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ છે. છેલ્લા એક મહિનાથી AEIPLની મહેસાણા ઓફિસ અને ડિરેક્ટરોના ગાંધીનગર નિવાસસ્થાને અનેક કોલ્સ કરવામાં આવ્યા છે પણ તેનો જવાબ મળ્યો નથી. ૧૭ મેના રોજ ઈમેલ દ્વારા કંપનીને મોકલવામાં આવેલી વિગતવાર પ્રશ્નાવલિનો પણ કોઈ જવાબ મળ્યો ન હતો. છત્રપતિ શિવાજી મહારાજના નામના આ હાટકેશ્વર પુલને નવેમ્બર ૨૦૧૭માં જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો, ૨૦૧૫માં કામ શરૂ થયાના બે વર્ષ પછી. રૂા. ૪૦ કરોડના ખર્ચે બાંધવામાં આવેલ આ પુલનું ડિસેમ્બર ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી માટે આદર્શ આચાર સંહિતા અમલમાં હોવાથી તેને ઉદ્ઘાટન સમારોહ વિના ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ૫૭૩ મીટરનો આ પુલ ખોખરાને અમદાવાદના મણિનગરમાં CTM ક્રોસરોડ્સ સાથે જોડે છે. AMC સિટી એન્જિનિયર (રોડ એન્ડ બ્રિજ પ્રોજેક્ટ) જિગ્નેશ શાહ દ્વારા દાખલ કરવામાં આવેલી FIR મુજબ, તેના કામ પૂર્ણ થયાના માંડ ત્રણ-ચાર વર્ષ પછી, માર્ચ એપ્રિલ ૨૦૨૧માં AMCને તેમાં ગંભીર માળખાકીય ખામીઓ જોવા મળી હતી જે જાહેર ઉપયોગ માટે અયોગ્ય છે. એફઆઈઆરમાં કહેવામાં આવ્યું છે કે આવા ફલાયઓવર-બ્રિજ સામાન્ય રીતે ૫૦ વર્ષનું આયુષ્ય ધરાવતા હોય તે રીતે ડિઝાઈન કરવામાં આવે છે. આ ફલાયઓવર પર ઓગસ્ટ ૨૦૨૨માં છેલ્લી ગંભીર ખામી ધ્યાનમાં આવ્યા પછી, આ પુલને લોકો માટે બંધ કરવામાં આવ્યો હતો. ૯ મેના રોજ અમદાવાદ શહેર પોલીસ અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની સંયુક્ત ટીમે આ પુલની તપાસ કરી હતી. આ એફઆઈઆરમાં AEIPLના ચેરપર્સન રમેશ પટેલ; તેમના પુત્રો અને મેનેજિંગ ડિરેક્ટર્સ (MD) ચિરાગકુમાર પટેલ અને કલ્પેશકુમાર પટેલ; MD રસિક અંબાલાલ પટેલ અને SGS ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (પ્રોજેક્ટના મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ) ના ત્રણ અધિકારીઓ પર છેતરપિંડી અને ગુનાહિત ષડયંત્રનો આરોપ છે. ખોખરા પોલીસ સ્ટેશનની એફઆઈઆરમાં જણાવવામાં આવ્યું છે કે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (આઈઆઈટી) રૂરકી સહિતની નિષ્ણાંત એજન્સીઓ દ્વારા કરવામાં આવેલા વિવિધ પરીક્ષણોએ તારણ કાઢ્યું હતું કે હાટકેશ્વર પુલ ઉપર પેસેન્જર અને વાહનોની અવરજવરને મંજૂરી આપવી સંપૂર્ણપણે અસુરક્ષિત છે કારણ કે આનાથી જીવન અને સંપત્તિનું નુકસાન થઈ શકે છે. ૧૩ મેના રોજ જાહેર કરાયેલા આદેશમાં, ગુજરાત હાઈકોર્ટે, AEIPLના ચાર ડિરેક્ટરોના આગોતરા જામીન ફગાવી દેતાં કહ્યું હતું કે AMC સાથે આ પેઢીની મિલીભગતને આ તબક્કે નકારી શકાય નહીં. ૧૭ મેના રોજ, સુપ્રીમ કોર્ટે એસજીએસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના ડિરેકટરો અમિત ઠક્કર અને શશિભૂષણ જોગાણીને આપવામાં આવેલ વચગાળાનું રક્ષણ લંબાવ્યું અને ૩ જુલાઈના રોજ સુનાવણી માટે આ કેસ સૂચિબદ્ધ કર્યો હતો. FIRમાં ઉમેર્યું હતું કે, આ આરોપીઓએ મળીને પૂર્વ આયોજિત કાવતરૂં રચ્યું હતું અને ખોખરા-હાટકેશ્વર રોડ ઉપર હાટકેશ્વર બ્રિજ બનાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો હતો, જેના માટે રૂા.૩૯.૮૭ કરોડનું ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું હતું. આ બ્રિજ નબળી ગુણવત્તાની સામગ્રીનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યો હતો અને વિવિધ અધિકૃત પરીક્ષણ એજન્સીઓના અહેવાલો મુજબ, આ પુલ ઉપયોગ માટે યોગ્ય નથી. મ્યુનિસિપલ કમિશ્નર એમ તેનરાસને ૧૫ એપ્રિલે પત્રકારોને જણાવ્યું હતું કે, આ બ્રિજના સુપર સ્ટ્રક્ચરને તોડી પાડવામાં આવશે અને પુર્ન:નિર્માણ કરવામાં આવશે, અને તેનો ખર્ચ આરોપી કંપનીઓ પાસેથી વસૂલવામાં આવશે. હાટકેશ્વર પુલ શહેરના અન્ય પુલ સાથે સમાંતર છે. અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (AUDA) દ્વારા શરૂ કરાયેલ અને રણજીત બિલ્ડકોન પ્રાઈવેટ લિમિટેડ દ્વારા બનાવવામાં આવેલ, અમદાવાદના દક્ષિણ બોપલ વિસ્તારમાં આવેલ મુમતપુરા ફલાયઓવર ડિસેમ્બર ૨૦૨૧માં સ્ટ્રેસ ટેસ્ટ દરમ્યાન તૂટી પડ્યો હતો. આ ફર્મની પ્રોજેક્ટ સાઈટ ઉપર આ ત્રીજો અકસ્માત હતો. તેમાંથી એકમાં ૨૦૦૭માં સુરતમાં એક મજૂરનું મૃત્યુ થયું હતું. આજ ફર્મ દ્વારા ફલાયઓવરનું પુર્ન: નિર્માણ કરવામાં આવ્યું હતું અને ૧૨ મેના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેનું ઉદ્ઘાટન કર્યું હતું. AMC ઉપરાંત, વેબસાઈટ ઉપર સૂચિબદ્ધ આ કંપનીના મૂલ્યવાન ગ્રાહકોમાં ગુજરાત રોડ્સ એન્ડ બિલ્ડીંગ ડિપાર્ટમેન્ટ, વેસ્ટર્ન રેલવે, નેશનલ હાઈવે



ઓથોરિટી ઓફ ઈન્ડિયા, સેન્ટ્રલ પબ્લિક વર્કર્સ ડિપાર્ટમેન્ટ (CPWD), ગુજરાત સિંચાઈ વિભાગ અને સરદાર સરોવર નર્મદા નિગમ જેવા નામોનો સમાવેશ થાય છે. AMC ના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સતીશ પટેલે ધ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું હતું કે AEIPLનો AMC સાથેનો એકમાત્ર ચાલુ પ્રોજેક્ટ, અમદાવાદમાં ૧૩૨ ફૂટ લાંબા રિંગરોડ પર ૧૦૪ કરોડ રૂપિયાનો પલ્લવ-પ્રગતિ નગર સ્પ્લિટ ફલાયઓવર (જે છ પ્રોજેક્ટ પૈકીનો એક છે) છે. તેનું કામ બંધ કરવામાં આવ્યું છે અને આ પેઢી બ્લેકલિસ્ટેડ થવાની પ્રક્રિયામાં છે. AEIPLના AMC માટેના ભૂતકાળના પ્રોજેક્ટ્સમાં ૨૦૧૭-૧૮માં દિનેશ ચેમ્બર (બાપુનગર) ખાતે ફલાયઓવર અને ૨૦૧૦-૧૧માં NH-8 ઉપર જશોદાનગર ક્રોસ રોડ જંક્શનનો સમાવેશ થાય છે. AEIPLની વેબસાઈટ ઉપર રાજ્ય સરકાર સાથે ચાલી રહેલા બે પ્રોજેક્ટ છે ગાંધીનગરમાં બે ફલાયઓવર. AEIPLના અન્ય ચાલુ પ્રોજેક્ટ્સમાં બારડોલીના દાસ્તાન ગામ પાસેનો રોડ ઓવરબ્રિજ છે જેને ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડ (GSRDC) સાથે શરૂ કરવામાં આવ્યો હતો. મે ૨૦૨૩ સુધીમાં આ પ્રોજેક્ટ ૯૦ ટકા પૂર્ણ હોવાનું જણાવતા, GSRDC અધિકારીએ જણાવ્યું હતું કે બાકીનું કામ રેલવે દ્વારા કરવામાં આવશે. અને તેમણે કહી કે, જો અમને ભવિષ્યમાં આ પ્રોજેક્ટ અને આ કંપની દ્વારા કરવામાં આવેલા કામના સંબંધમાં કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે, તો જ અમે તેની સામે કોઈ પગલાં લઈશું. અત્યાર સુધીમાં, તેણે અમારી સાથેનું કામ પૂર્ણ કર્યું છે. જાહેરાત AUDA પણ AEIPLનું મુખ્ય ક્લાયન્ટ છે. તેના પ્રોજેક્ટ્સમાં ઝુંડાલ બ્રિજ (૨૦૨૧-૨૨) અને સાબરમતી (૨૦૦૬-૦૭) ઉપર કમોદગામ નજીક નદીનો પુલ સામેલ છે. જો કે, AUDAના અધિકારીએ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ્સ ઉચ્ચ ગુણવત્તાના છે અને અમને કોઈ સમસ્યાનો સામનો કરવો પડ્યો નથી. AIEPLની વેબસાઈટ અનુસાર, અજય એન્જિનિયર્સ કંપનીની સ્થાપના ૧૯૭૬માં એક ભાગીદારી પેઢી તરીકે કરવામાં આવી હતી અને AEIPL 2008માં મર્યાદિત કંપની તરીકે નોંધાયેલ હતી. કંપની તેની સ્થાપનાથી સિવિલ એન્જિનિયરિંગ કોન્ટ્રાક્ટર તરીકે કામ કરી રહી છે. તેણે ૯૪ પ્રોજેક્ટ્સ પૂર્ણ કર્યા છે અને તેના અભિગમો સહિત બ્રિજ, ROB, કેનાલ સ્ટ્રક્ચર્સ, બિલ્ડીંગ્સ અને રોડ અન્ડર બ્રિજ (RUB)ના બાંધકામનો બહોળો અનુભવ ધરાવે છે. એપ્રિલની શરૂઆતમાં, અમદાવાદ શહેરની સિવિલ અને સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજીમાં, પેઢીએ બ્રિજના કોંક્રિટ સ્ટ્રક્ચરમાં ખામી માટે અયોગ્ય જાળવણીને જવાબદાર ગણાવી હતી. તેણે અન્ય વિવિધ વૈજ્ઞાનિક શક્યતાઓ અને સંભાવનાઓને પણ આ ખામીઓ માટે જવાબદાર ગણાવી હતી. ખોખરા પોલીસ સ્ટેશનના તપાસ અધિકારી એ વાય પટેલે જણાવ્યું હતું કે, અમને નીચલી અદાલત દ્વારા તેમના આગોતરા જામીન નામંજૂર કરવા અંગે માહિતી મળતાની સાથે જ, અમે તેમની ધરપકડ કરવા ગાંધીનગરમાં તેમના નિવાસસ્થાને ગયા હતા. જો કે તેઓ ત્યાં હાજર ન હતા. તેમના બેંક ખાતાઓ ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે.

---

### રૂા.૧૦૩ કરોડના ખર્ચે ૧૬૨ મીડી બસ, ૯૯ સ્લીપર બસ, ૫૮ લકઝરી બસ તૈયાર કરાઈ

## ગુજરાત એસ.ટી.ની નવી અદ્યતન ૩૨૧ બસોનું અમિત શાહે કર્યું લોકાર્પણ

ગાંધીનગર તા.૨૪

અમદાવાદ ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે GSRTCની ૩૨૧ અદ્યતન નવીન બસોનું લોકાર્પણ કરાયું હતું. ૧૦૩ કરોડના ખર્ચે નિર્માણ પામેલ આ બસોમાં ૧૬૨ મીડી બસ, ૯૯ સ્લીપર બસ, ૫૮ લક્ઝરી બસોનો સમાવેશ કરાયો છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ GSRTCની આ બસોનું નિરીક્ષણ કરી માહિતી મેળવી હતી અને લીલી ઝંડી બતાવીને આ બસોનું પ્રસ્થાન કરાવ્યું હતું. GSRTCની આ બસો કુલ ૧૨૫ જેટલા ડેપોમાં કાર્યરત કરાશે અને ૧ લાખ ૨૫ હજાર કિલોમીટરની મુસાફરી તય કરશે. આ બસોનો સીધો લાભ ગામડાના છેવાડાના લોકોને કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને આમ નાગરિકોને સરળતાથી પ્રાપ્ત થશે અને દરરોજ કુલ ૪૯,૫૦૦થી વધારે મુસાફરો આ બસોનો લાભ મેળવી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે ડિસેમ્બર, ૨૦૨૨માં નવી સરકાર રચાયા પછી ગુજરાત રાજય માર્ગવાહન વ્યવહાર નિગમ બસોની સંખ્યામાં સતત વધારો થતો રહ્યો છે. છેલ્લા પાંચ મહિનામાં ૮૦૦થી વધારે બસોનો ઉમેરો થયો છે. ગત તા.૧૩/૦૨/૨૩ના રોજ ગાંધીનગર બસ સ્ટેશન ખાતે ૧૫૧ બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦ સ્લીપર કોચ બસો તથા ૧૧૧ લક્ઝરી બસોનો સમાવેશ થયો હતો.



ત્યારબાદ તા. ૧૨/૦૩/૨૩ ના રોજ જામનગર પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે ૧૫૧ બસોનું લોકાર્પણ કરાયું હતું. જેમાં ૩૦ સ્લીપર કોચ બસો, ૭૦ લકઝરી બસો અને ૫૧ રેડી બિલ્ટ મીડી બસોનો સમાવિષ્ટ હતી. એ પછી તા.૧૨/૦૪/૨૩ના રોજ પાલનપુર બસ પોર્ટ ખાતે ૭૦ બસોનું લોકાર્પણ કરાયું હતું. જેમાં ૧૦ સ્લીપર કોચ બસ, ૨૫ લકઝરી બસ અને ૩૫ રેડી બિલ્ટ મીડી બસોનો સમાવેશ થયો. ત્યાર પછી તા. ૨૯/૦૪/૨૩ના રોજ વલસાડ વિભાગના નવસારી બસ પોર્ટ ખાતે ૧૨૫ બસોનું લોકાર્પણ કરાયું હતું. જેમાં ૨૦ સ્લીપર કોચ બસ, ૩૫ લકઝરી બસ તથા ૭૦ રેડ બિલ્ટ મીડી બસોનો સમાવેશ કરાયો છે.

---

## EDએ બેંગલુરૂમાં ચીનની માલિકીની શિક્ષણ ફર્મનું ૮.૨૬ કરોડ રૂપિયાનું ભંડોળ જપ્ત કર્યુ

નવી દિલ્હી, તા.૨૪

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ શુક્રવારના રોજ જણાવ્યું હતું કે, તેણે બેંગલુરૂ સ્થિત ઓનલાઈન એજ્યુકેશન કંપનીના ૮.૨૬ કરોડ રૂપિયાનું ભંડોળ જપ્ત કર્યું છે, જે સંપૂર્ણ માલિકીની અને ચીની નાગરિકો દ્વારા નિયંત્રિત છે, જે કથિત ઉલ્લંઘન સાથે જોડાયેલી તપાસના ભાગરૂપે છે. તેણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ફોરેન એકસચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA)ની કલમ ૩૭છ હેઠળ પિજન એજ્યુકેશન ટેક્નોલોજી પ્રાઈવેટ લિમિટેડના ભંડોળને જપ્ત કરવામાં આવ્યું છે. કંપનીએ "ઓડાક્લાસ" બ્રાન્ડ નામ હેઠળ ઓનલાઈન શિક્ષણ પૂરૂં પાડ્યું હતું. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ એપ્રિલમાં જૂથ વિરુદ્ધ શોધ હાથ ધરી હતી અને જાણવા મળ્યું હતું કે કંપની ૧૦૦ ટકા ચીની નાગરિકોની માલિકીની છે અને કંપનીની તમામ બાબતો, નાણાંકીય નિર્ણયો સહિત ચીની વ્યક્તિઓ દ્વારા લેવામાં આવે છે. સંસ્થાએ આરોપ લગાવ્યો છે કે, કંપનીએ ચીની ડિરેક્ટર લિયુ કેનની "સૂચના ઉપર" જાહેરાત અને માર્કેટિંગ ખર્ચના નામે ચીન અને હોંગકોંગને ૮૨.૭૨ કરોડ રૂપિયા આપ્યા છે. તેણે જણાવ્યું હતું કે,"કંપની તેના તરફથી સેવાની રસીદનો કોઈ પુરાવો અને ઉપરોકત ખર્ચ સામે પ્રકાશિત થયેલ કોઈપણ જાહેરાતનો પુરાવો રજૂ કરી શકી નથી." EDએ જણાવ્યું હતું કે, કંપનીના ડિરેક્ટર અને એકાઉન્ટ્સ મેનેજરે તપાસ દરમિયાન "કબૂલ્યું" કે ચુકવણી ફક્ત કેનની સૂચના ઉપર જ કરવામાં આવી હતી. કંપનીના ભારતીય નિર્દેશક વેદાંત હમીરવાસિયાએ જણાવ્યું કે, ચીની ડિરેક્ટરે તેમને કહ્યું કે, જાહેરાતો ગૂગલ અને ફેસબુક દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. જો કે, આ પ્લેટફોર્મ્સ દ્વારા કોઈ પુષ્ટિકરણ અથવા ભરતિયુ રજૂ કરવામાં આવ્યું નથી.

---

## કર્ણાટકના નવ મંત્રીઓ ઉપર ફોજદારી કેસ છે, તમામ કરોડપતિ : અહેવાલ

નવી દિલ્હી, તા.૨૪

કર્ણાટક ઈલેકશન વોચ એન્ડ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR)ના અહેવાલ મુજબ કર્ણાટકમાં શપથ ગ્રહણ કરનારા નવ મંત્રીઓ સામે ફોજદારી કેસ છે અને તમામ કરોડપતિ છે. આ અહેવાલ કર્ણાટકના નવા મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સહિત ૧૦માંથી ૯ મંત્રીઓના સ્વ-શપથ પત્રોના વિશ્લેષણ ઉપર આધારિત છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, આ રિપોર્ટ બનાવતી વખતે ECI વેબસાઈટ ઉપર તેમના સ્પષ્ટ અને સંપૂર્ણ એફિડેવિટ્સની બિનઉપલબ્ધતાના કારણે કે.જે. જ્યોર્જના કેસનું વિશ્લેષણ કરી શકાયું નથી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, વિશ્લેષણ કરાયેલા નવ મંત્રીઓમાંથી તમામ નવ મંત્રીઓએ પોતાની વિરૂદ્ધ ફોજદારી કેસ જાહેર કર્યા છે, જ્યારે ચાર મંત્રીઓએ તેમની વિરૂદ્ધ ગંભીર ફોજદારી કેસ જાહેર કર્યા છે. નવ મંત્રીઓની નાણાકીય પૃષ્ઠભૂમિ ઉપર પ્રકાશ પાડતા અહેવાલમાં જણાવાયું છે કે, કર્ણાટકના તમામ નવ મંત્રીઓ કરોડપતિ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, નવ મંત્રીઓની સરેરાશ સંપત્તિ ૨૨૯.૨૭ કરોડ રૂપિયા છે. અહેવાલમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, કર્ણાટકના એકમાત્ર નાયબ મુખ્ય પ્રધાન ડી.કે.

---

### રાજ્યના કલ્યાણ માટેના વૈચારિક મંથનની "ચિંતન-મનન શિબિર" ફળદાયી : મંત્રી

## ગુજરાતના પ્રશાસનિક વહીવટનો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ભાગ બનશે

ગાંધીનગર,તા.૨૪

એકતાનગર ખાતે તા.૧૯થી ૨૧ મે દરમ્યાન આયોજિત ત્રિ-દિવસીય ચિંતન શિબિરનો આજે સમાપન સમારોહ યોજાયો હતો. જે સંદર્ભે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે મીડિયા સાથે સંવાદ કરતા જણાવ્યું હતું કે, સૌ મંત્રીઓ, અધિકારીઓ સહિત જેમના શિરે ગુજરાતનું ભલું કરવાની, વંચિત, પીડિત, શોષિતોના હમદર્દ બનવાની જવાબદારી છે તે સૌ માટે સાડા છ કરોડ ગુજરાતીઓના કલ્યાણની નવી દિશા, નવી ઉર્જા મેળવવા માટેના વૈચારિક મંથનની આ ત્રણ દિવસની 'ચિંતન-મનન શિબિર' શિબિર ફળદાયી રહી છે. ગુજરાતના બહેતર વિકાસનો રોડમેપ તૈયાર કરવામાં આ શિબિરમાં થયેલું મનોમંથન મહત્વપૂર્ણ બનશે. વિવિધ ચર્ચા સત્રોમાં સૌ મંત્રીઓ, સચિવો, અધિકારીઓ નહીં, સિનિયર, જુનિયરના ભેદ નહીં પણ એક સામાન્ય શિબિરાર્થી બન્યા હતા. પોતાની શક્તિઓ, ક્ષમતાઓને ઉજાગર કરી સામૂહિક ચિંતન મનન વિચાર વિમર્શ કરીને પ્રજાને સુશાસન, યોજનાકીય લાભો અને સુખાકારી અર્પવા માટે મોટીવેટ અને પ્રતિબદ્ધ બન્યા છે. તેમણે આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ (એ.આઈ.)ના સકારાત્મક ઉપયોગથી વહીવટને વધુ સરળ, પીપલ સેન્ટ્રીક બનાવીશું એવી પણ ચર્ચાવિચારણા થઈ છે એમ જણાવી નવી ટેકનોલોજી અપનાવવા રાજ્ય સરકાર હરહંમેશ તત્પર અને અગ્રેસર રહી છે, ત્યારે સરકારની કામગીરીને અસરકારક બનાવવા આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ ગુજરાતના પ્રશાસનિક વહીવટનો ભાગ બનશે એમ ઉમેર્યું હતું. પ્રજાલક્ષી યોજનાઓ આમ જનતા સુધી પહોંચાડવામાં સરકારી કર્મયોગીઓ સેતુરૂપ હોય છે, ત્યારે કર્મયોગીઓનું ક્ષમતા નિર્માણ થાય, સંવાદ અને વ્યવહારમાં કુશળ, તાલીમબદ્ધ અને અનુશાસિત બને એ માટે ગહન ચર્ચા કરીને યોગ્ય દિશામાં નક્કર આયોજન કરવામાં આવશે એમ તેમણે જણાવ્યું હતું. પ્રજાની જે અપેક્ષાઓ સરકાર પાસે, વહીવટીતંત્ર પાસે છે તેને પરિપૂર્ણ કરવા સૌ સંકલ્પિત થયા છે એમ જણાવતા મંત્રીએ ઉમેર્યું કે વિચારો, સૂચનો, નિર્ણયોના આદાનપ્રદાન અને અમલીકરણ સાથે રાજયના વહીવટને ગતિશીલ બનાવીશું. વધુમાં ગુડ ગવર્નન્સને વધુ લોકભોગ્ય બનાવવા વિવિધ પેરામીટર્સ ઉપર મોડેલ તૈયાર કરવા, બાળ-માતામૃત્યુને ઘટાડવા સહિત વિવિધ ધ્યેય મંત્રો સાથે આગળ વધી આગામી વર્ષોમાં રાજ્યના વિકાસની ગતિને વધુ વેગવાન બનાવીશું એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

---

## જૂનથી શરૂ થતાં શૈક્ષણિક સત્રથી ફીમાં ૩૦ ટકાનો તોતિંગ વધારો કરવા શાળા સંચાલકની સરકાર સમક્ષ રજૂઆત

અમદાવાદ, તા.૨૪

આગામી જુનથી નવુ શૈક્ષણીક સત્ર શરૂ થઈ રહ્યુ છે ત્યારે શાળા સંચાલક મહામંડળે ૩૦ ટકા ફી વધારાની માંગ કરી છે. ખાનગી સ્કુલોની ફીને લઈને મનમાની થતી રોકવા માટે રાજ્ય સરકાર દ્વારા FRCનો કાયદો લાગુ કરવામા આવ્યો હતો જેમાં પ્રાથમિક સ્કુલોમાં રૂા. ૧૫ હજાર, માધ્યમિક સ્કુલ અને ઉચ્ચતર માધ્યમિક સામાન્ય પ્રવાહમાં રૂા. ૨૫૦૦૦ અને વિજ્ઞાન પ્રવાહમાં રૂા. ૨૭૦૦૦નો ફીનો સ્લેબ રજૂ કરવામા આવ્યો હતો. તેનાથી વધુ ફી લેનાર સ્કુલોએ FRCમાં દરખાસ્ત કરવાની રહેતી હતી. આ કાયદાને ૭ વર્ષ થવા આવ્યા છે અને જે રીતે મોંધવારી વધી રહી છે અને પગાર ધોરણ અને ખર્ચાઓ વધી રહ્યા છે ત્યારે શાળા સંચાલક મહામંડળ દ્વારા મુખ્યમંત્રી, શિક્ષણમંત્રીને પત્ર લખીને રજુઆત કરવામા આવી છે કે આ સ્લેબમાં વધારો કરવામા આવે. આગામી સત્ર માટે FRC દ્વારા દરખાસ્તો મંગાવવામા આવી છે ત્યારે સરકાર સ્લેબમાં વધારો કરે તેવી માંગ કરવામાં આવી છે. સરકાર માનશે તો વાલીઓને ફટકો પ્રાથમિક સ્કુલ માટે રૂ. ૨૦ હજાર, માધ્યમિક અને ઉ. માધ્યમિક સામાન્ય પ્રવાહ માટે રૂા. ૩૦ હજાર અને ઉ. માધ્યમિક વિજ્ઞાન પ્રવાહની ફી રૂા. ૩૫ હજાર કરવા માટે રજુઆત કરવામા આવી છે. જો સરકાર શાળા સંચાલકોને વધારો માન્ય રાખશે તો આગામી સમયમાં વાલીઓએ ફી વધારાનો સામનો કરવો પડી શકે છે.

---

### ONGCમાં કોન્ટ્રાક્ટના નામે

## વડોદરાના દંપતીએ પૂણેનાં કોન્ટ્રાકટર પાસેથી રૂા. ૧.૨૭ કરોડ પડાવ્યા

વડોદરા, તા. ૨૪

વડોદરા ગોત્રી વિસ્તારમાં રહેતા એક દંપતીએ પુણેના કોન્ટ્રાકટર સાથે ૧.૨૭ કરોડની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નોંધાતા પુણે પોલીસે તપાસ હાથ ધરી છે. પૂણે નાગરસ રોડ ખાતે રહેતા વિક્રમભાઈ નલાવડેએ પોલીસ ફરિયાદમાં કહ્યું છે કે, વર્ષ ૨૦૧૯માં મારે વડોદરાના ધર્મેશ શાહ સાથે પરિચય થયો હતો. હું સરકારી કોન્ટ્રાક્ટના કામ કરતો હોવાથી ધર્મેશે મને તેની સારી એવી ઓળખાણો હોવાથી ઓએનજીસીમાં મોટા કામ અપાવવાની ખાતરી આપી હતી. થોડા સમય પછી ધર્મેશ શાહે ઓએનજીસીના અંકલેશ્વર, ખંભાત સહિતના સ્થળોએ કોન્ટ્રાકટના કામ માટે રૂા.૫૦ કરોડના ટેન્ડરની વાત કરી રૂા. ૧.૨૭ કરોડ ખર્ચવા પડશે તેમ જણાવ્યું હતું. જેથી મેં તૈયારી બતાવી હતી. ધર્મેશની સાથે તેની પત્ની અસ્લેશા (બંને રહેવાસી અપેક્ષા પાર્ક સોસાયટી, ગોત્રી, વડોદરા) પણ સામેલ હતી. તેમણે ટેન્ડરની વિગતો અને ઓએનજીસીના લેટરપેડ પણ મોકલ્યા હતા. કોન્ટ્રાકટરે વધુમાં કહ્યું છે કે મને વિશ્વાસ આવતા મેં ધર્મેશ અને તેની પત્નીને રૂા. ૧.૨૭ કરોડ ચુકવ્યા હતા. પરંતુ ત્યારબાદ મને કામ નહીં મળતા ઓએનજીસી માં તપાસ કરાવી હતી. જયાંથી મને જાણવા મળ્યું હતું કે ધર્મેશ નામની વ્યકિતને તેઓ કોઈ ઓળખતા નથી અને આવી રીતે કામ પણ આપવામાં આવતું નથી. મેં રૂપિયા પરત માંગતા ધર્મેશ ભાઈએ ઉડાવ જવાબો આપ્યા હતા. પુણે પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢના મયુર ઠેસિયાએ શીથ બ્લાઈટ રોગ સામે રક્ષણ આપતી ડાંગરની એડવાન્સ લાઈન સંશોધિત કરી







જૂનાગઢ, તા.૨૪

ભારત ડાંગરના ઉત્પાદન ક્ષેત્રે વિશ્વમાં મોખરે છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ભારતમાં ૪૫.૭૬ મિલિયન હેક્ટર વિસ્તારમાં ડાંગરનું વાવેતર થયુંહતું. જેમાંથી ડાંગરનું કુલ ઉત્પાદન ૧૨૯.૬૬ મિલિયન ટન જેટલું થયું હતું. ભારત ડાંગરનો વિશ્વમાં સૌથી મોટો વાવેતર કરતો, બીજો સૌથી મોટો ઉત્પાદક અને ત્રીજો સૌથી મોટો ગ્રાહક દેશ છે. ડાંગરના પાકમાં શીથ બ્લાઈટ રોગને કારણે ભારે નુકસાન (૫૪.૩ % સુધી) થાય છે. ડાંગરના પાકમાં આવતા શીથ બ્લાઈટ રોગના નિયંત્રણ માટે જૂનાગઢના વધાવી ગામના વતની મયુર રાજેશભાઈ ઠેસિયાએ સંશોધન કર્યુંછે. મયુર ઠેસિયાએ રજૂ કરેલા "મેપિંગ ક્યુએન્ટિટેટિવ ટ્રાઈટ લોકી એન્ડ બાયોકેમિકલ એનાલિસિસ ઓફ શીથ બ્લાઈટ રેઝિસ્ટન્સ ઈન રાઈસ" રિસર્ચને પંજાબ કૃષિ યુનિવર્સિટી, લુધિયાણાએ માન્ય કરીને પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે.

ડાંગરના પાકમાં આવતા શીથ બ્લાઈટ રોગને અટકાવવા માટે જૈવિક નિયંત્રણો બિનઅસરકારક છે. જ્યારે શીથ બ્લાઈટને અટકાવવા માટે ફૂગનાશકના આડેધડ ઉપયોગથી પર્યાવરણને મોટું નુકશાન થઈ રહ્યું હોવાની જોવા મળે છે. જો સમયસર શીથ બ્લાઈટને નિયંત્રણ કરવામાં ન આવે તો પાક ઉત્પાદન ઉપર સીધી અસર જોવા મળે છે.

મયુર ઠેસિયાએ પંજાબ કૃષિ યુનિવર્સિટી, લુધિયાણમાં રજુ કરેલા "ચોખામાં શીથ બ્લાઈટ રોગના રોગપ્રતિકાર વિસ્તારની ઓડખાણ અને બાયોકેમિકલ વિશ્લેષણ" સંશોધનમાં શીથ બ્લાઈટ સામે મધ્ય રોગપ્રતિકારકર્તા ધારવતી ડાંગરની એડવાન્સ લાઈન વિકસિત કરી છે. આ લાઈનમા શીથ બ્લાઈટ રોગ ખૂબ જ ઓછો આવે છે. ભવિષ્યમાં આ સંશોધનની લાઈનને આગલની પેઢી માટે ઉપયોગી બનશે. તેમજ તેના પ્રયોગ કરીને માન્યતા મળશે તો ભવિષ્યમાં ખેડુતને ડાંગરની એક રોગપ્રતિકારક જાત આપી શકાશે. આ અગાઉ મયુર ઠેસિયાએ વર્ષ ૨૦૧૯માં છજીઈ+ નેશનલ એલિજીબીલીટી ટેસ્ટ પાસ કરી છે. તેમજ ભારત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ દ્વારા પ્રાઈમ મિનિસ્ટર ફેલોશિપ સ્કિમ ફોર ડોક્ટરલ રિસર્ચ અને ઈન્સપાયર એવોર્ડ-૨૦૨૦, નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા ડો.એચ.યુ. જોશી ગોલ્ડ મેડલ, આઈ.સી.એ.આર.નો એસ.આર.એફ. એવોર્ડ તથા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા એમ.સી.એમ. એવોર્ડ પ્રાપ્ત થયો છે. મયુર ઠેસિયાએ પંજાબ કૃષિ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરતા સમગ્ર ઠેસિયા પરિવાર તથા ગ્રામજનોએ અભિનંદન પાઠવ્યા છે.

# ગીર સોમનાથ જીલ્લામાં જરૂરીયાતમંદ લોકોને રાશનકાર્ડ ઉપર અનાજ આપવા ધારાસભ્યએ માંગ કરી

## પુરવઠાની બેઠકમાં ધારાસભ્ય વિમલ ચુડાસમાએ સર્વે ફોર્મ રજૂ કર્યા

(રાકેશ પરડવા દ્વારા)



વેરાવળ, તા.૨૪

સોમનાથના ધારાસભ્ય અને વિધાનસભાના ઉપદંડક વિમલભાઈ ચુડાસમા દ્વારા જરૂરિયાતમંદ લોકોને રાશનકાર્ડ ઉપર મળતું અનાજ બંધ થઈ જતાં સર્વે કરી આવા લોકોના ફોર્મ ભરી અવાર નવાર રજૂઆતો કરેલ છે તેમ છતા રાશનકાર્ડ ઉપર અનાજ બંધ હોવાથી તાજેતરમાં મળેલ જિલ્લા અન્ન નાગરીક પુરવઠા અને ગ્રાહક બાબતોની મિટિંગમાં ફરીથી તમામ ફોર્મ રજૂ કરી રજૂઆત સાથે માંગ કરેલ છે. વધુમાં ધારાસભ્યએ જણાવેલ કે, કોરોના મહામારી દરમ્યાન લોકડાઉનના કારણે ધંધા રોજગાર બંધ થઈ જતાં અનેક લોકો બેરોજગાર થયેલ અને સામાન્ય લોકો ગરીબ અને અતિ ગરીબ લોકોની આર્થિક પરિસ્થિતિ કથળી ગયેલ હોય તેવા લોકોને જે રાશનકાર્ડ ઉપર અનાજ મળતું તે પણ બંધ થયેલ છે. જેથી મારા વિસ્તારના જરૂરિયાતમંદ લોકોનો સર્વે કરી ફોર્મ ભરવેલ હતા. બાદમાં રૂબરૂ ફોર્મ પણ રજુ કરેલ છે. પરંતુ રાશનકાર્ડ ઉપર રાશન મળતું ન હોવાથી ગરીબ પરિવારોને રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ આવરી લેવામાં આવે અને રાશનકાર્ડ ઉપર અનાજ મળે તેવા હેતુથી તાજેતરમાં મળેલ ગીર સોમનાથ જિલ્લા અન્ન નાગરીક પુરવઠા અને ગ્રાહક બાબતોની મિટિંગ દરમ્યાન ફરીથી તમામ ફોર્મરજૂ કરેલ છે અને વહેલી તકે આવા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને રાશનકાર્ડ ઉપર રાશન આપવા માંગણી કરી છે.

# વેરાવળમાં ભાલકેશ્વર મિત્ર મંડળ આયોજીત તૃતીય સમુહલગ્નમાં ૨૩ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા પાડયા

(રાકેશ પરડવા દ્વારા)




વેરાવળ, તા. ૨૪

વેરાવળમાં ભાલકેશ્વર મીત્ર મંડળ તથા સોલંકી પરીવાર દ્વારા તૃતીય સમૂહલગ્ન યોજાયેલ હતા. જેમા ૨૩ નવદંપતીઓએ પ્રભુતામા પગલા માંડયા હતા. હિન્દુ સંસ્કૃતિ મૂજબ કધયા દાન એ સૌથી મોટુ દાન ગણવામા આવે છે જે ભાગ્યશાળીને જ પ્રાપ્ત થાય છે. ત્યારે અનાથ, બેસહારા અને કોઈપણ જાતનો ભેદભાવ રાખ્યા વગર સર્વ સમાજની દીકરીઓનું કધયાદાન માટે આહીર સમાજના ભગાભાઈ સોલંકી અને હંસાબેન સોલંકી દ્વારા કરવામાં આવેલ છે. આ વર્ષે ભાલકેશ્વર રીસોર્ટ ખાતે ૨૩ જેટલી સર્વ સમાજની દીકરીઓના લગ્ન સંપન્ન થયેલ જેમા લગ્નવિધની તમામ વિધિઓ, રાસગરબા, ભોજન, કધયાવિદાય, કરિયાવરની ચીજ-વસ્તુઓ આપવામાં આવેલ હતી. આ સમુહ લગ્નોત્સવમાં માજી મંત્રી જશાભાઈ બારડ, માજી ધારાસભ્ય રાજશીભાઈ જોટવા, વીરાભાઈ કામળીયા સહીતના સામાજીક, રાજકીય, વહીવટીતંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહી નવદંપતીઓને આર્શીવચન પાઠવેલ હતા. જેમની પાસે સંપતિ છે તે પરીવાર લાખો, કરોડો ખર્ચ કરીને ઘર આંગણે લગ્ન કરે પણ તેમાંથી માત્ર થોડી બચત કરી અનાથ, બેસહારા દીકરીઓના લગ્ન કરાવી આપે તો કોઈપણ દીકરીઓના માતા-પિતા દેવુ કરીને લગ્ન કરાવવા ન પડે તેમ આયોજક ભગાભાઈ સોલંકીએ જણાવેલ છે.

# ગુજરાત સરકાર તરફથી વેરાવળ ડેપોને મળી ૧૦ નવી બસની ભેટ, વધશે મુસાફરોની સુવિધા

## વેરાવળ બસ સ્ટેશન ખાતેથી નવી બસોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવતા સાંસદ રાજેશભાઈ ચુડાસમા



વેરાવળ, તા.૨૪

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ જુનાગઢ વિભાગના– વેરાવળ ડેપોને નવિન ૧૦ બસો ફાળવવામાં આવી છે. વેરાવળ બસ સ્ટેશન ખાતેથી સાંસદ સભ્ય રાજેશભાઈ ચુડાસમાએ લીલી ઝંડી આપીને નવીન બસોનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ નવીન બસો અલગ-અલગ રૂટ ઉપર જેમા ૨૧:૩૦ કલાકે સોમનાથ – ગાંધીનગર સ્લીપર સર્વિસ,૧૮:૦૦ કલાકે ગાંધીનગર – સોમનાથ સ્લીપર સર્વિસ,૧૮:૩૦ કલાકે સોમનાથ – અંબાજી સ્લીપર સર્વિસ,૧૫:૦૦ કલાકે અંબાજી – સોમનાથ સ્લીપર સર્વિસ, ૨૧:૩૦ કલાકે વેરાવળ – ભૂજ સ્લીપર સર્વિસ, ૨૧:૩૦ કલાકે ભુજ – વેરાવળ સ્લીપર સર્વિસ ૦૬:૧૫ કલાકે વેરાવળ – ગાંધીનગર લકઝરી ૨ × ૨ , ૬:૦૦ કલાકે ગાંધીનગર – વેરાવળ લકઝરી ૨×૨, ૭:૦૦ કલાકે વેરાવળ – પોરબંદર મીની સર્વિસ, ૫:૦૦ કલાક વેરાવળ – ઉના મીની સર્વિસની લોકોને સેવાનો લાભ મળશે. આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય રાજસીભાઈ જોટવા, જિલ્લા પંચાયત પ્રમુખ રામીબેન વાજા, વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકા પ્રમુખ પિયુષભાઈ ફોફંડી, ઉપપ્રમુખ કપિલ મહેતા, વેરાવળ તાલુકા પ્રમુખ સરમણભાઈ સોલંકી, ડેપો મેનેજર શામળા, દયારામભાઈ મેસવાડિયા તેમજ અગ્રણીઓ ઝવેરીભાઈ ઠકરાર, મહેન્દ્રભાઈ પિઠીયા, સહિત એસટી કર્મીઓ અને ગણમાન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉના એસટી ડેપોની ચાર બસનું ધારાસભ્યનાં હસ્તે લોકાર્પણ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૪

ગુજરાત સરકાર દ્વારા ગુજરાત એસ.ટી.નિગમને સુવિધા યુકત નવી ૩૨૧ બસ ફાળવેલ જે પૈકી ઉના એસ.ટી.ડેપોમાં નવી ૪ બસનું લોકાર્પણ તા.૨૩/૫/૨૩ને મંગળવારના રોજ ઉનાના ધારાસભ્યકાળુભાઈ રાઠોડના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ઉના-અમદાવાદ સહીત ૪ રૂટ ઉપર સેવા આપનારી આ નવી બસને ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું તેમજ આ નવી બસમાં બેસીને શહેરના રાજમાર્ગ ઉપર ફર્યા હતા. આ પ્રસંગે જીલ્લા ભાજપના ઉપાધ્યક્ષ રાજુભાઈ ડાભી, શહેર ભાજપા પ્રમુખ મિતેષભાઈ શાહ, તાલુકા પંચાયત પ્રમુખના પ્રતિનિધિ સામતભાઈ ચારણીયા, મહામંત્રી સુનિલભાઈ મુલચંદાણી તથા કાંતીભાઈ છગ, નગરપાલિકા ઉનાના નગરસેવકો વિજયભાઈ રાઠોડ, ધીરૂભાઈ છગ, મેઘવાળ સમાજના આગેવાન જસાભાઈ વિંઝુડા, સામતેર ગામના અગ્રણી



અરજણભાઈ ચૌહાણ, પટેલ સમાજ ના અગ્રણી ધીરૂભાઈ દોમડીયા વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## રમશે ગુજરાત, જીતશે ગુજરાત

# 'જબ તક તોડેંગે નહીં, તબ તક છોડેંગે નહીં' દ્રોણેશ્વર ખાતે રાજ્યકક્ષાના સમર કોચિંગ કેમ્પમાં નીખરી રહી છે ખેલાડીઓની રમત, આકરી તાલિમ શરૂ

## ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી દેશ-વિદેશમાં ગુજરાતનું નામ રોશન કરે એવા હેતુસર ૧૫૦ ખેલાડીઓ લઈ રહ્યાં છે સઘન પ્રશિક્ષણ



વેરાવળ, તા.૨૪

પક્ષીઓના મધુર ગુંજારવ સાથે લીલીછમ પ્રકૃતિના સાન્નિધ્યમાં દ્રોણેશ્વર ખાતે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગુજરાત સરકાર, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત તેમજ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા તારીખ ૩૧/૦૫/૨૦૨૩ સુધી ગીરગઢડા સ્વામિનારાયણ શાળાના સહયોગથી રાજ્યકક્ષા સમર કોચિંગ કેમ્પમાં વિદ્યાર્થીઓ ફેન્સિંગ તેમજ યોગ પ્રશિક્ષણની તાલિમ લઈ શારીરિક તેમજ માનસિક સર્વાંગી વિકાસ સાધી રહ્યાં છે.

ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી ચૂકેલા હોય એવા પ્રતિભાશાળી ખેલાડીઓની પસંદગી કરી તેમની કેળવણી વધુ નીખરે અને રમતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ગુજરાતનું નામ રોશન કરે એવા હેતુસર ફેન્સિંગમાં ૫૦ બહેનો, યોગમાં ૫૦ બહેનો અને ૫૦ ભાઈઓ એમ કુલ ૧૫૦ ખેલાડીઓ ઈન્ટરનેશનલ અને નેશનલ કોચના માર્ગદર્શન હેઠળ પદ્ધતિસરનું માર્ગદર્શન મેળવી પોતાની રમતની કેળવણીને વધુ નિખારી રહ્યાં છે. આ તાલિમ દરમિયાન ગુજરાત સરકાર દ્વારા ખેલાડીઓને રહેવા તથા જમવાની નિઃશુલ્ક સુવિધા પૂરી પાડવામાં આવે છે અને પ્રશિક્ષણ દરમ્યાન પ્રત્યેક ખેલાડીઓને સ્પોર્ટકિટ પણ આપવામાં આવે છે. જેમાં કોસ્ચ્યુમ, ટ્રેકસુટ વગેરેનો સમાવેશ થાય છે. અહીં ટ્રેડિશનલ યોગ, આર્ટિસ્ટિક યોગ, રિધમિક ડ્યૂએટ યોગ, સામૂહિક યોગ જેવી યોગકળા તેમજ ફેન્સિંગમાં સેફ્ટી ઉપકરણોથી સજ્જ થઈ ડિફેન્સ અને એટેક જેવી તાલિમ આપવામાં આવે છે. ખેલાડીઓને સવાર-સાંજ ૩-૩ કલાક તાલિમ આપવામાં આવે છે અને સવારે નાસ્તા પછી થિયરી શીખવવામાં આવે છે. જેમાં રમતના ટેક્નિકલ પાસાઓનો સમાવેશ થાય છે. જ્યારે બપોરે કઠોળ, ફ્રુટ સહિતનું વિટામીનયુક્ત આરોગ્યસભર ભોજન પીરસવામાં આવે છે અને વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક સ્પોર્ટ્સ ફિલ્મ પણ બતાવવામાં આવે છે. જેથી તેમનામાં જુસ્સાનો સંચાર થાય. આ તમામ સુવિધાઓ બદલ રાજ્યભરમાંથી દ્રોણેશ્વર આવેલા ખેલાડીઓએ ગુજરાત સરકારનો આભાર પણ વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર કેમ્પના સફળ આયોજનમાં જિલ્લા રમત વિકાસ અધિકારી કાનજી ભાલિયા અને તેમની ટીમે જહેમત ઉઠાવી છે.

ગુજરાતના વિવિધ શહેરોમાંથી દ્રોણેશ્વર આવેલા ખેલાડીઓ પ્રકૃતિનું ઉત્તમ સાન્નિધ્ય માણી રહ્યાં છે. હિંમતનગરની ૧૩ વર્ષની ફેન્સિંગ ખેલાડી મહિમા ચૌધરીએ જણાવ્યું હતું કે, અહીં ઉર્જાસભર વાતાવરણ અને કોચના માર્ગદર્શનમાં પ્રશિક્ષણ લઈ રહી છું. નિષ્ણાંત કોચ દ્વારા રમતના તમામ પાસાઓ વિશે ઝીણવટભરી સમજ આપવામાં આવે છે. જેથી અમારી રમત વધુ સારી રીતે નિખરે છે. ગુજરાત સરકાર તરફથી રહેવા, જમવાની ઉત્તમ સુવિધા મળી રહે છે અને અહીંના વાતાવરણથી શરીરમાં અનોખી ઉર્જાનો સંચાર થાય છે.

આલેખન : ગૌરાંગ જોશી, ફોટો : આશિષ અપારનાથી

# જૂનાગઢનાં ઉપરકોટ ખાતે ૧૩ વર્ષનાં બાળકનાં મૃત્યુનાં બનાવ અંગે પોલીસ તપાસનો ધમધમાટ : ત્રણ શકમંદોની પુછપરછ

## પીએમ રીપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં



(ક્રાઈમરીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢ શહેરમાં આવેલ પ્રખ્યાત ઉપરકોટનાં કિલ્લાની ઘાસવાડા તરફનાં જંગલ - ખીણ વિસ્તારમાંથી ગઈકાલે બપોરે ૧૩ વર્ષનાં બાળક માહિર ઈકબાલભાઈ કાદરી (ઉ.વ. ૧૩) મૃતદેહ મળી આવ્યાનાં બનાવનાં પગલે ભારે ખળભળાટ મચી ગયો છે. આ બનાવ અંગે ઉચ્ચ પોલીસ અધિકારીઓનાં માર્ગદર્શન હેઠળ પોલીસની વિવિધ ટીમો દ્વારા તપાસની કામગીરી હાથ ધરવામાં આવી છે. અને બાળકનાં મૃત્યું અંગે રહસ્યનો પર્દાફાશ કરવા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે. ત્રણ જેટલા શખ્સોને રાઉન્ડઅપ કરી અને તેની ઉંડાણપૂર્વકની તપાસ હાથ ધરવામાં આવી છે.

દરમ્યાન આજે બપોરનાં ૧૨ વાગ્યે મૃતક બાળકનાં પીએમ રીપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે તેવા નિર્દેશો મળી રહયા છે.

બાળક છેલ્લા બે દિવસથી લાપત્તા હતો. ગઈકાલે આ બાળકની રહસ્યમય સંજોગોમાં લાશ મળી આવતા અનેક તર્ક-વિતર્ક સર્જાઈ રહયા છે. બાળકને કોઈએ ધક્કો મારી કોઈએ ખાઈમાં ફેંકી દીધો હતો કે, અન્ય કોઈ કારણ છે તે અંગે પોલીસ તપાસ ચાલુ છે. આ ઘટનાની જાણ થતાં જૂનાગઢ એસપી રવિ તેજા વાસમ શેટ્ટી, ડીવાયએસપી હિતેશ ધાંધલીયા, એ ડીવીઝન પીઆઈ વાઢેર, એસઓજી, એલસીબી તેમજ નેત્રમ શાખાનાં અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા અને લાશનો કબ્જો લઈ જૂનાગઢ સિવિલ હોસ્પીટલ ખાતે પીએમ માટે મોકલી આપવામાં આવેલ છે. પીએમ રીપોર્ટ આવ્યા બાદ મૃત્યુનું સાચું કારણ જાણી શકાશે. આ વિસ્તારનાં સીસીટીવી ફૂટેજ પણ ચેક કરવામાં આવી રહયા છે. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિતેજા વાસમ શેટ્ટી તથા ડીવાયએસપી હિતેશ ધાધલીયાની સુચના અને માર્ગદર્શન હેઠળ બાળકનાં મૃત્યું અંગેનાં બનાવનો ભેદ ઉકેલવા માટે પોલીસ તપાસનો ધમધમાટ ચાલી રહયો છે. ડીવાયએસપી હિતેશ ધાધલીયાએ જણાવ્યું હતું કે બાળકનાં પીએમનો રીપોર્ટ આજે આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## જૂનાગઢ મહાનગરપાલીકાની સ્ટેન્ડીંગ કમીટીની બેઠક મુલ્તવી રહી

### અબજો રૂપિયાના વિકાસ કામોને ટલ્લે ચડાવવામાં આવી રહ્યા હોવાનો કોર્પોરેટર લલીત પણસારાનો

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢ મહાનગરપાલીકાની ગઈકાલે યોજાનાર સ્ટેન્ડીંગ કમીટીની બેઠકમાં માત્ર ૩ સભ્યો જ ઉપસ્થીત રહેતા કોરમના અભાવે બેઠકને મુલ્તવી રાખવાની ફરજ પડી હતી.

જૂનાગઢ મહાનગરપાલીકાની સ્થાયી સમિતિની ગઈકાલે બેઠક યોજાવાની હતી જો કે આ બેઠક પહેલા સંકલનની બેઠક યોજાતી હોય છે તે મુજબની સંકલનની બેઠક યોજવામાં આવી હતી પરંતુ ત્યારબાદ સ્ટેન્ડીંગ કમીટીની બેઠક મળી ન હતી. સુત્રોના જણાવ્યા અનુસાર ગઈકાલે કોરમના અભાવે સ્ટેન્ડીંગ કમીટીની બેઠક રદ કરવામાં આવી હતી. સામાન્ય નિયમ પ્રમાણે સ્થાયી સમિતિમાં ૧૨ સભ્યો હોય છે. સ્ટેન્ડીંગની બેઠક બોલાવવા માટે ઓછામાં ઓછા ૫ સભ્યોની હાજરી હોવી જરૂરી હોય છે. જો કે માત્ર ૩ જ સભ્યો હાજર રહ્યા હતા જેના કારણે સ્થાયી સમિતિની બેઠક મુલ્તવી રાખવામાં આવી હતી. જેમાં કેટલાક સભ્યો લગ્ન પ્રસંગમાં હતા તો કેટલાક બિમાર હોવાના કારણે હાજર ન રહેતા બેઠક મુલ્તવી રખાઈ છે. ૧૨માંથી ૩ હાજર હતા જયારે ૬ના ૨જા રિપોર્ટ અને ૩ ગેરહાજર રહ્યા હતા. આમ કુલ સભ્યોના ૭૫ ટકા સભ્યો ગેરહાજર રહ્યા હતા. દરમ્યાન હાલ મનપા દ્વારા ભુગર્ભ ગટરનું ફેસ-૨નું કામ ચાલું થવાનું છે. આ કામ ૨૫૯ કરોડનું છે. જેમાં કુલ ૪ એજન્સીએ ટેન્ડર ભર્યા હતા. જેમાંથી બે કવોલીફાઈડ થઈ હતી. આમાં પણ એલ-૧ એજન્સીએ ૨,૫૯,૬૧,૫૧,૦૪૮ના એસ્ટીમેન્ટ સામે ૨,૨૯,૭૪,૬૫,૫૬૭.૯૦નું ટેન્ડર ભર્યુ હતું. જેના ભાવ મંજુર કરવામાં આવ્યા હતા. જો કે કોર્પોરેશનમાં એવી ચર્ચા થઈ રહી છે કે આ ટેન્ડરના કારણે જ સભ્યો હાજર રહ્યા ન હતા. જૂનાગઢની જનતાએ ૫૪ સીટ આપી છે. ત્યારે વિકાસના કામો સત્વરે મંજુર કરવા જોઈએ. તેના બદલે આવા કામ વખતે ગેરહાજર રહે છે. ૧૨માંથી પાંચ સભ્યો પણ હાજર રહી ન શકે ખરેખર તો આવડા મોટા કામ માટે જરૂર પડયે સ્પેશ્યલ સ્ટેન્ડીંગ કમીટીની બેઠક અને જનરલ બોર્ડ પણ બોલાવી કામ મંજુર કરી શરૂ કરાવવા જોઈએ તેના માટે કાર્યકારી ચેરમેન પણ નિમવા જોઈએ તેના બદલે અબજો રૂપિયાના વિકાસ કામને ટલ્લે ચડાવવામાં આવી રહ્યા હોવાનું વોર્ડ નં. ૬ના કોર્પોરેટર લલીત પણસારાએ જણાવ્યું હતું.

## કેશોદમાં રહેણાંક મકાનમાં તસ્કરોનો હાથફેરો રૂા.૭૯ હજારના મુદ્દામાલની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) કેશોદ તા.૨૪

જૂનાગઢ જીલ્લાના કેશોદ ખાતે ચોરીનો એક બનાવ બનવા પામેલ છે. જેમાં રહેણાંક મકાનમાં તસ્કરોએ હાથફેરો કરી અને રૂા.૭૯ હજારના મુદ્દામાલની ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે.

આ બનાવ અંગે હરીદાસ ધરમદાસ દુધરેજીયા (ઉ.વ.૩૯) રહે. વાસાવાડી, એરપોર્ટર રોડ, કેશોદ વાળાએ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદીના મકાનના કંપાઉન્ડની દીવાલ કુદી અંદર પ્રવેશ કરી મકાનના મુખ્ય દરવાજાનો લોક તોડી મકાનની અંદર પ્રવેશ કરી મકાનના રૂમમાં પડેલા લોખંડના કબાટનો તથા કબાટની અંદરના લોકરનો લોક તોડી લોકરમાં રાખેલ રોકડા રૂા.૨૭,૦૦૦ તથા આશરે એક તોલા વજનનો સોનાનો ચઈન સાંકળની ડીઝાઈન વાળો જેની કિં.રૂા.૩૦,૦૦૦ તથા અડધા તોલા વજનની સોનાની બુટ્ટીની એક જોડ જેની કિં.રૂા.૧૫,૦૦૦ તથા આશરે સો ગ્રામ વજનના પગમાં પહેરવાના ચાંદીના સાંકળાની એક જોડ જેની કિં.રૂા.૭,૦૦૦ મળી કુલ કિં.રૂા.૭૯,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી લઈ જઈ ગુનો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવતા કેશોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢ : વિદેશી દારૂ સાથે એક ઝડપાયો

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢનાં મધુરમ બાયપાસ શ્રીનગર સોસાયટી ખાતેથી ચેતન ઉર્ફે ચુલી નાનજીભાઈ ચાવડાને વિદેશી દારૂની બોટલ નંગ-૪૨ કિંમત રૂા. ૪૨૦૦ સાથે સી ડીવીઝન પોલીસે ઝડપી લીધેલ છે.

## માંગરોળ ધાર્મિક લાગણી દુભાઈ તેવા શબ્દો પ્રયોગ કરનાર શખ્સને જૂનાગઢ એલસીબીએ અમદાવાદથી ઝડપી લીધો

(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા.૨૪

માંગરોળના યુવાનને ત્રણ દિવસ પહેલા ફોન કરી, કોમી તંગદીલી પ્રસરે અને ધાર્મિક લાગણી દુભાઈ તેવા એલફેલ શબ્દ પ્રયોગ કરનાર શખ્સને જૂનાગઢ એલસીબીએ અમદાવાદથી ઝડપી લીધો હતો. ઝડપાયેલો શખ્સ કૃષિ અને ખેડુત સંબંધિત એપ્લિકેશનમાંથી અજાણ્યા લોકોના નંબર ઉપર દારૂ પીને બફાટ કરવાની ટેવ ધરાવતો હોવાનું ડીવાયએસપી દિનેશ કોડીયાતરે પત્રકારોને જણાવ્યું હતું. અત્રેના સુલેમાન મહંમદભાઈ ખાસદારે ગીર પંથકમાં કેરીના આંબા રાખેલ હોય, ગત તા. ૧૯ના રાત્રે ૧૧ વાગ્યે અજાણ્યા નંબર ઉપરથી ફોન આવ્યો હતો. જેમાં સામેથી કોઈ શખ્સે ધાર્મિક લાગણી દુભાઈ તેમજ બે કોમ વચ્ચે વૈમનસ્ય સર્જાય તેવા આપત્તિજનક શબ્દ પ્રયોગ કર્યા હતા. ત્યારબાદ માંગરોળના આગેવાનો માળીયા પોલીસ સ્ટેશને દોડી ગયા હતા અને સુલેમાનભાઈએ અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે આઈપીસી કલમ ૨૯૫(ક), ૨૯૮, ૫૦૪, ૫૦૭ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. બનાવની ગંભીરતાને પારખી જૂનાગઢ એસ.પી. રવિ તેજા વાસમશેટ્ટીની સુચનાથી એલસીબીની અલગ અલગ ટીમો, લોકલ પોલીસ સ્ટાફ તથા ટેકનિકલ સર્વેની ટીમોએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

માંગરોળ ડીવાયએસપી દિનેશ કોડીયાતરે જણાવ્યું હતું કે આરોપી વિશાલ ડાંગર મૂળ ભાણવડનો અને હાલ અમદાવાદમાં રહે છે. પાર્ટટાઈમ જોબ કરે છે. જે મોબાઈલમાંથી વાત કરવામાં આવી હતી. તે મોબાઈલ તેને એક વર્ષ પહેલાં ચાણક્યપુરી બ્રિજ પાસેથી મળી આવ્યો હતો. એક ગુજરાતી એપ્લીકેશન છે તેમાં જેઓના મેસેજ આવેલ હોય, રાત્રે નશાની હાલતમાં તે નંબર ઉપર ફોન કરી ગાળો બોલવી, એલફેલ બોલવાની ટેવ ધરાવે છે. બનાવ બાદ તેણે મોબાઈલ સ્વિચ ઓફ કરી દીધો હતો. પોલીસ તપાસમાં જે વ્યક્તિના નામે સિમકાર્ડ હતું તે એડ્રેસ ઉપર તપાસ કરતા તે નામનો કોઈ વ્યક્તિ મળી આવ્યો ન હતો. પોલીસ માટે પેચીદા બનેલા આ કેસમાં બે દિવસ બાદ મોબાઈલ ચાલુ કરતાં, કોલ ટ્રેસ થતાં તેને ઝડપી લેવામાં સફળતા મળી હતી. હાલ આરોપીને માળીયા પોલીસને સોંપી દેવાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જૂનાગઢમાં છરી વડે હુમલો : બે સામે ફરિયાદ

(ક્રાઈમરીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૪

જૂનાગઢના જોષીપરા આદિત્યનગર પાસે અક્ષર એપાર્ટમેન્ટ બ્લોક નંબર-૪૦૪માં રહેતા ધવલ મનોજભાઈ(ઉ.વ.૧૯)એ અપુ રહે.હર્ષદનગર જેનું પુરૂ નામ સરનામું ખબર નથી તે તથા સાહિદ સુમરા રહે.મધુરમ, જૂનાગઢ જેનું પુરૂ નામ સરનામું ખબર નથી તેની સામે પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી તથા ફરિયાદીના પિતા આ કામના સાહેદનાઓને આ કામના આરોપીએ એકબીજાની મદદગારી કરી લોખંડના પાઈપ તથા છરી વડે ફરિયાદીને ડાબા હાથમાં તથા ડાબા પગમાં ઈજાઓ કરી તથા ફરિયાદીના પિતા સાહેદને માથાના ભાગે ગંભીર ઈજા કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા બી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


જોઈએ છે ફિલ્મ ઓડિસન, એકટીંગ, સીરીઝ માટે
ફિલ્મ, સીરીયલ, મ્યુઝીક આલ્બમ, વેબ સીરીઝ
છોકરા-છોકરીઓ, બાળકો
ઉંમરનો કોઈજ બાધ નથી.
વધુ વિગત માટે કોલ કરો.
+91 70455 360 16

ફલેટ વેંચવાનો છે
જૂનાગઢનાં જગમાલ ચોક નજીક કાજીવાડા વિસ્તારમાં 2 BHK ફલેટ વેંચવાનો છે ફિકસ ફર્નીચર સાથે લીફટની સુવિધા છે
: સંપર્ક :
મો. ૯૮૨૪૫૯૨૫૫૯

દરેક ધંધાને માટે શોરૂમ લાયક જગ્યા વેંચવાની છે
પંચહાટડી ચોક, માંગનાથ રોડ વિસ્તારમાં જવેલરી, રેડીમેઈડ, સાડી તથા દરેક ધંધાને માટે શોરૂમ લાયક જગ્યા ૧૪૦૦ સ્કેવર ફુટ વેંચવાની છે
મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
એક શુભેચ્છક

ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૯૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિકસ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ક્ષાર કર્મચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેક્સ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
● સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
● જૂનાગઢ શહેરના હદયસમા કાળવા ચોકમાં
● આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો


ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ગેરંટી સાથે ભેંસનું તથા ગાયનું ૧૦૦ ટકા શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
આથી ગ્રાહકજનોને અમારા નવા મોબાઈલ નંબર નોંધી લેશો
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

વિનય એન. પ્રજાપતિ મો.૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો.૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો.૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાગે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

વંદના બેકરી
તળાવ દરવાજા રોડ
સ્પે. પાઉ, સ્પે. બ્રેડ
સ્પે. નાનરોટી
રોજે રોજની તાજી મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
નારાયણ બેકરી
સુખનાથ ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ